RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 95* Date: 01.02.2022 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ફેબ્રુઆરી મહિનામાં ૧ ૨ દિવસ જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો બંધ રહેશે

,મુંબઇ,તા.૩૧

ફેબ્રુઆરી મહિનામાં ૧૨ દિવસ જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો બંધ રહેશે. રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા તરફથી જાહેર કરવામાં આવેલી રજાઓની યાદી પ્રમાણે બેંકો ૧૨ દિવસ બંધ રહેશે. કેન્દ્રીય બેંકે આ ૧૨ રજાઓને રાષ્ટ્રીય અને ક્ષેત્રિય એમ બે કેટેગરીમાં વહેંચી છે. પ્રથમ કેટેગરીમાં આખા દેશમાં બેંકો બંધ રહે છે, જ્યારે બીજી કેટેગરીમાં જે તે રાજ્યમાં બેંકો બંધ રહે છે. ફેબ્રુઆરીમાં મુખ્ય તહેવારમાં વસંત પંચમી અને ગુરુ રવિદાસ જયંતિ છે. આ ઉપરાંત અમુક તહેવારોમાં પોતાના સ્થાનિક તહેવારોને પગલે બેંકો બંધ હેશે. ગ્રાહકોએ જ્યારે બેંકની બ્રાંચમાં જઈને કોઈ કામ કરવાનું થાય છે ત્યારે તેઓ સૌથી વધારે પ્રભાવિત થાય છે. કારણ કે વીકેન્ડ કે રજાના દિવસે ઓનલાઈન સેવાઓ શરૂ રહે છે. પરંતુ બેંકમાં રૂબરૂ જઈને જે કામ કરવું પડે તે કામ કરી શકાતું નથી. આરબીઆઇ તરફથી લાગૂ કરવામાં આવેલા નિયમ પ્રમાણે નેટ અને ઑનલાઈન ચેનલ રજાઓના દિવસ પણ ચાલુ રહે છે. જે લોકોએ પોતાના કામ માટે બેંકમાં જવાનું છે તેમના માટે અમે ફેબ્રુઆરી ૨૦૨૨માં આવતી રજાઓની યાદી રજૂ કરી રહ્યા છીએ.

૧) ૨ ફેબ્રુઆરીઃ ગંગટોક (સિક્કિમ) સોનમ તહેવારને પગલે બેંકો બંધ રહેશે. આ તહેવાર માઘ મહિનાની અમાસના પ્રથમ દિવસે તમાંગો દ્વારા મનાવવામાં આવે છે. (જેને ભગવાન બુદ્ધનો જન્મ માનવામાં આવે છે.)

૨) ૫ ફેબ્રુઆરીઃ સરસ્વતી પૂજા/શ્રી પંચમી/વસંત પંચમીના દિવસે અગરતલા, ભુવનેશ્વર અને કોલકાતામાં બેંકો બંધ રહેશે.

૩) ૧૫ ફેબ્રુઆરીઃ મોહમ્મદ હઝરત અલી/લુઈ-નાગઈનો જન્મ દિવસ. ઈમ્ફાલ, કાનપુર અને લખનઉમાં બેંકો બંધ રહેશે.

૪) ૧૬ ફેબ્રુઆરીઃ આ દિવસે ગુરુ રવિવદાસ જયંતિ છે. ચંદીગઢમાં બેંકો બંધ રહેશે.

૫) ૧૮ ફેબ્રુઆરી : ડોલયાત્રાને કારણે કોલકાતામાં બેંકો બંધ રહેશે.

૬) ૧૯ ફેબ્રુઆરીઃ છત્રપતિ શિવાજી જયંતિને કારણે બેલાપુર, મુંબઈ અને નાગપુરમાં બેંકો બંધ રહેશે.

આ ઉપરાંત રવિવારને પગલે (૬, ૧૩, ૨૦ અને ૨૭ ફેબ્રુઆરી) તેમજ બીજા અને ચોથા શનિવારને કારણે (૧૨ અને ૨૬ ફેબ્રુઆરી) બેંકો બંધ રહેશે. રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા તરફથી બેંક રજાની જાહેરાત કરવામાં આવે છે. જેમાં રાજ્ય પ્રમાણે રજાની જાહેરાત કરવામાં આવે છે

### નિર્મલા સીતારમણે રજૂ કર્યો ઇકોનોમિક સર્વે

## આર્થિક સર્વેમાં આગામી વર્ષ માટે ગ્રોથ રેટ ૮થી ૮.૫ ટકા રહેવાનું અનુમાન



નવીદિલ્હી,તા.૩૧

આર્થિક સર્વે ૨૦૨૧-૨૨ રજૂ થયો છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં આજે ૨૦૨૧-૨૨ના વર્ષ માટે સર્વે રજૂ કર્યો છે. જેમાં ૯.૨ ટકા જીડીપી ગ્રોથનો અંદાજ છે. જેનો અંદાજ પહેલા જ લગાવવામાં આવ્યો હતો. હવે એ વાત પર મહોર લાગી ગઈ છે કે કોરોના મહામારી બાદ દેશનું અર્થતંત્ર તેજ ગતિથી પાટે ચઢી રહ્યું છે. આર્થિક સર્વેમાં આગામી વર્ષ માટે ગ્રોથ રેટ ૮થી ૮.૫ ટકા રહેવાનું અનુમાન કરાયું છે. આર્થિક સર્વે જાહેર કરાયા બાદ ભારતીય શેરબજારમાં પણ જોરદાર તેજી આવી છે. સેન્સેક્સ ૧,૦૦૦ પોઈન્ટ ઉપર ગયો છે. સવારમાં પણ શેરબજાર વધારા સાથે ખુલ્યું હતું.

સર્વેમાં કહેવામાં આવ્યું છે કે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન એગ્રી સેક્ટરનો વિકાસ ૩.૯ ટકા રહેશે. ઈન્ડસ્ટ્રિયલ ગ્રોથ ૧૧.૮ ટકા રહેશે. તેમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે આ વર્ષે નવેમ્બર સુધી આઈપીઓ મારફતે ૮૯,૦૦૦ કરોડ રૂપિયા એકઠા કરવામાં આવ્યા છે.

સર્વેમાં મોંઘવારી દર કાબૂમાં રહેવાની આશા વ્યક્ત કરવામાં આવી છે. આ ખરેખર અર્થતંત્ર માટે સારી વાત છે. જો મોંઘવારી દર કાબૂમાં રહે તો રિઝર્વ બેંક પર રેપો રેટ વધારવા અંગે વધારે દબાણ નહીં રહે. જેનાથી લોન મોંઘી નહીં થાય.આર્થિક સર્વેમાં કહેવામાં આવ્યું છે કે અર્થતંત્રના તમામ પાસા એવું સૂચન કરે છે કે આપણું અર્થતંત્ર તમામ પડકારો સામે લડવા માટે મજબૂત સ્થિતિમાં છે. જેનાથી એગ્રી અને ઈન્ડસ્ટ્રિયલ ગ્રોથને સમર્થન મળે છે. ચાલુ નાણાકીય વર્ષમાં જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન અર્થતંત્રની ઝડપ તેજ બની છે. જેનાથી તે કોરોના પહેલાની સ્થિતિ પર આવવામાં સફળ રહ્યું છે.

સર્વેમાં કહેવામાં આવ્યું છે કે મોટા પ્રમાણમાં વેક્સિન અભિયાન, ખૂબ સારો નિકાસ ગ્રોથ, ખર્ચ વધારવા માટે ફિસ્કલ સ્પેસને પગલે અર્થતંત્રને ટેકો મળ્યો છે. જેનાથી કેપિટલ એક્સપેન્ડિંગ વધારવા માટે મદદ મળશે.સર્વેમાં એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ અનુમાન એ વાત પર આધાર રાખે છે કે આગળ જતાં અર્થતંત્ર સામે કોરોનાને પગલે મોટું વિઘ્ન ન આવી જાય. આ ઉપરાંત ચોમાસું સામાન્ય રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

આર્થિક સર્વેને લઈને અનેક મહત્ત્વની વાતોની જાહેરાત કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે આ સર્વે ત્યારે તૈયાર કરવામાં આવ્યો છે જ્યારે દેશના મુખ્ય આર્થિક સલાહકારનું પદ ખાલી હતું. જોકે, આર્થિક સર્વે પહેલા સરકારે આ પદ પર નિમણૂક કરી છે.

સરકારે પહેલા પણ ગ્રોથ ૯.૨ ટકા રહેવાની વાત કહી હતી. આર્થિક સર્વેમાં પણ આટલા જ ગ્રોથનો ઉલ્લેખ છે. જોકે, રિઝર્વ બેંક તરફથી ડિસેમ્બરમાં જાહેર કરવામાં આવેલા આંકડાથી આ ગ્રોથ થોડો ઓછો છે. કોરોના બાદ ભારતનો ગ્રોથ દુનિયામાં સૌથી તેજ રહેવાની આશા છે. અનેક આર્થિક આંકડાથી આ વાતનો પુરાવો મળ્યો છે.

કોરોના મહામારીથી બહાર આવી રહેલા ઈકોનોમિક સર્વેમાં અર્થતંત્ર માટે અનેક મહત્ત્વની વાતો કહેવામાં આવી છે. તેમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે અર્થતંત્ર નેગેટિવ ગ્રોથ રેટના સમયમાંથી બહાર થઈ ગયું છે. જોકે, તેજ ગ્રોથ ટકાવી રાખવા માટે કડક પગલાં ભરવા પડશે.

આજે રજુ થયેલા સર્વેક્ષણમાં સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે દેશનું અર્થતંત્ર વિકસી રહ્યું છે, કરની આકારની વધી રહી છે ત્યારે સરકાર પાસે એટલી જગ્યા છે કે આગામી વર્ષે ખર્ચ વધારી, વધારે મૂડીરોકાણ કરી અર્થતંત્રને ટેકો આપે. એનો મતલબ કે મંગળવારે રજુ થનારા બજેટમાં કેન્દ્ર સરકાર પોતાનો ખર્ચ વધારી શકે છે. એવી ધારણા છે કે કેન્દ્ર સરકાર બજેટ ૨૦૨૨-૨૩માં કુલ ખર્ચ રૂ. ૩૯ લાખ કરોડ રહે એવી શક્યતા છે.

સીતારામણે લોકસભામાં આર્થિક સર્વેક્ષણ ૨૦૨૧-૨૨ રજૂ કર્યું હતું. આ સાથે જ હંગામાના કારણે લોકસભાની કાર્યવાહી મંગળવારે સવારના ૧૧:૦૦ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. નાણા મંત્રી નિર્મલા સીતારામણે સદનના પટલ પર આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું હતું. તે અંગે વિપક્ષ તરફથી તેની ડિજિટલ પ્રતિઓને લઈ પ્રતિક્રિયા આપવામાં આવી હતી. સ્પીકર ઓમ બિડલાએ કહ્યું હતું કે, ડિજિટલ સંસદ છે અને હવે તમારા સૌના સહયોગથી સંસદમાં ડિજિટલ કામ થશે.

આપણે તે દેશમાં રહીએ છીએ, જ્યાં મધ્યમ વર્ગના લોકોની સંખ્યા વધુ છે. આપણે ત્યા મોટાભાગના ઘરોમાં એક ડાયરી બનાવવામાં આવે છે. આ ડાયરીમાં બધો હિસાબ રાખવામાં આવે છે. જ્યારે વર્ષ પુરુ થયા બાદ આપણે જોઈએ છીએ ત્યારે ખબર પડે છે કે આપણું ઘર કેવી રીતે ચાલ્યુ? આપણે ક્યાં ખર્ચ કર્યો? કેટલી કમાણી કરી? તમે કેટલું બચાવ્યું? તેના આધારે આપણે ફરી નક્કી કરીએ છીએ કે આગામી વર્ષ આપણે કેવી રીતે ખર્ચ કરીશું? કેટલી બચત કરવાની છે? આપણી હાલત કેવી હશે? આર્થિક સર્વેક્ષણ આપણી ઘરની ડાયરી જેવું જ છે. આ દર્શાવે છે કે આપણા દેશની અર્થવ્યવસ્થાની સ્થિતિ કેવી છે? આર્થિક સર્વેમાં ગયા વર્ષનો હિસાબ અને આવતા વર્ષ માટેના સૂચનો, પડકારો અને ઉકેલોનો ઉલ્લેખ કરવામાં આવે છે. બજેટના એક દિવસ પહેલા આર્થિક સર્વે રજૂ કરવામાં આવે છે.






## દેશમાં ૪૪ કરોડથી વધુ ગરીબ લોકો બેંકિંગ સિસ્ટમ સાથે જોડાયા, મેક ઈન ઈન્ડિયા પર સરકારનું સંપૂર્ણ ફોકસ : : રાષ્ટ્રપતિ

નવીદિલ્હી,તા.૩૧

સંસદનાં બજેટસત્રાની આજથી શરૂઆત થઈ ગઇ છે. ત્યારે તેની શરૂઆત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના સંબોધનથી કરાઇ છે. તેઓ સંસદનાં બંને ગૃહોને સંબોધિત કરી રહ્યાં છે. મહત્વનું છે કે, બજેટ સત્રની શરૂઆત પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંસદ પહોંચ્યા હતાં અને તેઓએ મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, ‘બજેટ પર ખુલ્લા મનથી ચર્ચા કરવામાં આવે. આ દેશને એક નવી ઊંચાઈએ લઈ જવાની તક છે.’

રાષ્ટ્રપતિ કોવિંદે જણાવ્યું કે, ‘દેશની સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પર સરકારનું વિશેષ ધ્યાન છે. ૨૦૨૦-૨૧માં ૮૭ ટકા ઉત્પાદનોમાં મેક ઈન ઈન્ડિયાને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.

રામનાથ કોવિંદે કહ્યું કે, ‘ભારતનો વિદેશી મુદ્રા ભંડાર ૬૩૦ બિલિયન ડૉલર છે. ભારતમાં વિદેશી રોકાણ સતત ઝડપથી વધી રહ્યું છે. નિકાસ પણ ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે.’દેશમાં ઈન્ટરનેટની કિંમત સૌથી ઓછી છે. દેશમાં ૫૮ પરનું કામ પણ સતત ઝડપથી ચાલી રહ્યું છે, ભારતમાં સ્ટાર્ટઅપ પણ ઝડપથી વિકસ્યું છે. જેનાથી દેશમાં રોજગારી વધશે.

તેઓએ વધુમાં જણાવ્યું કે, ’’ગ્રામીણ અર્થતંત્રને ચલાવવામાં મહિલાઓની ભૂમિકા વ્યાપક રહી છે. ૨૦૨૧-૨૨માં બેંકો દ્વારા ૨૮ લાખ સ્વ-સહાય જૂથોને ૬૫ હજાર કરોડ રૂપિયાની મદદ આપવામાં આવી છે. આ રકમ ૨૦૧૪-૧૫ની સરખામણીમાં ૪ ગણી વધારે છે. સરકારે ટ્રિપલ તલાકને કાયદાકીય ગુનો જાહેર કરીને સમાજને આ દુષ્ટ પ્રથામાંથી મુક્ત કરવાની શરૂઆત કરી છે. મારી સરકારના આ નીતિવિષયક નિર્ણય અને પ્રોત્સાહનથી, વિવિધ પોલીસ દળોમાં મહિલા પોલીસ કર્મચારીઓની સંખ્યા ૨૦૧૪ની સરખામણીમાં બમણી થઈ ગઈ છે.’’રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, ‘સરકાર ગરીબોનું ગૌરવ વધારવા માટે કામ કરી રહી છે. ગરીબોને ૨ કરોડથી વધુ પાકાં મકાનો મળ્યા છે. આવાસ યોજના હેઠળ ૧ કરોડથી વધુ મકાનોને મંજૂરી આપવામાં આવી હતી. પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનાથી મહિલાઓને રાહત મળી હતી, માલિકી યોજના, આ ઘરના કાગળો (સંપત્તિ કાર્ડ), જેનાથી વિવાદો ઓછા થયા હતાં.’

રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, ‘સરકાર અને નાગરિકો વચ્ચેનો આ પરસ્પર વિશ્વાસ, સંકલન અને સહકાર લોકશાહીની શક્તિનું અભૂતપૂર્વ ઉદાહરણ છે. એ માટે હું દેશના દરેક આરોગ્ય અને આગળની હરોળના કાર્યકરને, દરેક દેશવાસીને અભિનંદન આપું છું. કોવિડ-૧૯ સામેની આ લડાઈમાં ભારતની ક્ષમતાનો પુરાવો કોવિડ રસીકરણ કાર્યક્રમમાં જોવા મળ્યો છે. અમે એક વર્ષથી ઓછા સમયમાં રસીના ૧૫૦ કરોડથી વધુ ડોઝ આપવાનો રેકોર્ડ પાર કર્યો છે. આજે દેશમાં ૯૦ ટકાથી વધુ પુખ્ત નાગરિકોએ રસીનો એક ડોઝ મેળવ્યો છે, જ્યારે ૭૦ ટકાથી વધુ લોકોએ બંને ડોઝ લીધા છે. ભારતમાં બનાવવામાં આવી રહેલી રસીઓ સમગ્ર વિશ્વને રોગચાળાથી મુક્ત કરવામાં અને કરોડો લોકોના જીવન બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.’

## દેશમાં કોરોનાના નવા કેસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો

નવીદિલ્હી,તા.૩૧

દેશમાં કોરોનાના નવા કેસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. નવા ૨.૦૯ લાખની આસપાસ કેસ નોંધાયા છે. જો કે મૃત્યુઆંક વધી રહ્યો છે તે ચિંતાજનક છે. ગઈ કાલે દેશમાં કોરોનાના નવા ૨,૩૪,૨૮૧ કેસ નોંધાયા હતા જ્યારે ૮૯૩ લોકોના એક દિવસમાં મોત નોંધાયા હતા. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી નવા ૨,૦૯,૯૧૮ કેસ નોંધાયા છે. આ દરમિયાન ૨,૬૨,૬૨૮ લોકો કોરોનાને માત આપીને રિકવર પણ થયા છે. હાલ દેશમાં ૧૮,૩૧,૨૬૮ દર્દીઓ સારવાર હેઠળ છે જે કુલ કેસના ૪.૪૩% છે. ડેઈલી પોઝિટિવિટી રેટ ૧૫.૭૭% છે. નવા કેસમાં ૧૦.૪% નો ઘટાડો જોવા મળ્યો છે. નવા કેસ તો ઘટવા માંડ્યા છે પણ મોતનો આંકડો વધી રહ્યો છે તે ચિંતાજનક બાબત કહી શકાય.

## તમામ સાંસદો, પક્ષો ખુલ્લા મને ઉત્તમ ચર્ચા કરે : વડાપ્રધાન મોદી

નવીદિલ્હી,તા.૩૧

નાણામંત્રી ૧ ફેબ્રુઆરીએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે કેન્દ્રીય બજેટ રજૂ કરશે. સોમવારે સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવી છે. કોવિડ રોગચાળાના ત્રીજી લહેરને ધ્યાનમાં રાખીને, સત્રના પ્રથમ તબક્કા દરમિયાન, લોકસભા અને રાજયસભાની બેઠકો દિવસના અલગ-અલગ સમયે યોજવામાં આવશે, જેથી કોવિડ સંબંધિત સામાજિક અંતરના નિયમોનું પાલન કરી શકાય. બજેટ સત્રના પ્રથમ બે દિવસમાં ઝીરો અવર અને પ્રશ્નકાળ નહીં હોય. એવું કહેવામાં આવી રહ્યું છે કે બજેટ સત્રમાં હોબાળો થવાની સંભાવના છે. મુખ્ય વિપક્ષ કોંગ્રેસે બજેટ સત્રમાં કોરોના પ્રભાવિત પરિવારો માટે રાહત પેકેજ, મોંઘવારી, બેરોજગારી, ખેડૂતોને લગતા મુદ્દાઓ, સરહદ પર ચીન સાથેની ગતિરોધ અને અન્ય કેટલાક મુદ્દાઓ પર સરકારને ઘેરવાનો નિર્ણય લીધો છે. બજેટના એક દિવસ પહેલા એટલે કે મુખ્ય આર્થિક સલાહકારના નેતૃત્વ હેઠળની એક ટીમ આજે રજૂ થનાર આર્થિક સર્વેને તૈયાર કરે છે. તમને જણાવી દઈએ કે કેન્દ્ર સરકારે ગયા અઠવાડિયે જ અર્થશાસ્ત્રી વી અનંત નાગેશ્વરનને CEA તરીકે નિયુક્ત કર્યા છે. અનંત નાગેશ્વરન અગાઉ ક્રેડિટ સુઈસ અને જુલિયસ બેર ગ્રુપમાં ઓફિસર રહી ચૂક્યા છે. તેમણે કેવી સુબ્રમણ્યમની જગ્યા લીધી છે. સુબ્રમણ્યમનો કાર્યકાળ ડિસેમ્બર ૨૦૨૧માં સમાપ્ત થયો હતો.આજથી સંસદનું બજેટ સત્ર શરૂ.

## તંત્રી સ્થાનેથી...

# અધિકારીઓ મોકલવા મુદ્દે રાજ્યોની આડોડાઈ

***હાલમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વિભિન્ન વિષયો પર જે રીતે સતત ટકરાવ વધી રહ્યો છે તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. ગત દિવસોમાં બીએસએફના કાર્યક્ષેત્રમાં વિસ્તારને લઈને કેટલાંક રાજ્યોએ વાંધો ઉઠાવ્યો હતો. હવે અખિલ ભારતીય સેવાઓ, જેમાં આઇએએસ, આઇપીએસ અને આઇએફએસ (ભારતીય વન સેવા) જેવી સેવાઓ આવે છે, તેના અધિકારીઓના કેન્દ્રમાં ડેપ્યુટેશન પર વિવાદ ઊભો થયો છે. બંધારણના અનુચ્છેદ ૩૧૨માં અખિલ ભારતીય સેવાઓની રચનાની વ્યવસ્થા છે. એ સમયે ફક્ત આઇએએસ અને આઇપીએસ જ બે અખિલ ભારતીય સેવાઓ હતી, પછી ૧૯૬૬માં આઇએફએસની રચના કરવામાં આવી હતી. આ સેવાઓની રચનાનો મુખ્ય ઉદ્દેશ્ય સંપૂર્ણ ભારતમાં પ્રશાસનિક એકરૂપતા અને કેન્દ્ર તથા રાજ્યોના અધિકારીઓમાં તાલમેલ જાળવી રાખવાનો હતો. અખિલ ભારતીય સેવાઓના અધિકારીઓની પસંદગી, પ્રશિક્ષણ અને કેડર ફાળવણી કેન્દ્ર સરકાર કરે છે. રાજ્ય કેડર મળતાં જ અધિકારી પ્રશાસનિક બાબતોમાં રાજ્ય સરકારને આધીન આવી જાય છે. કેન્દ્ર સરકાર પોતાની જરૂરિયાત અનુસાર આ અધિકારીઓને રાજ્યો પાસેથી લે છે. તેના માટે દરેક રાજ્યમાં એક કેન્દ્રીય ડેપ્યુટેશન રિઝર્વ હોય છે, જે સીનિયર ડ્યુટી પોસ્ટોના ૪૦ ટકા હોયછે. આ જ કોટાથી કેન્દ્રને પોતાની વ્યવસ્થા માટે અધિકારી મળે છે.***

***હાલમાં કેન્દ્ર રાજ્યો પાસેથી દર વર્ષે એવા અધિકારીઓની યાદી મંગાવે છે જે કેન્દ્રમાં આવવા ઇચ્છુક હોય છે. આ જ યાદીમાંથી કેન્દ્ર અધિકારીઓની પસંદગી કરે છે. દુર્ભાગ્યે છેલ્લાં કેટલાંક વર્ષથી આ યાદી નાની થતી જાય છે. કેટલીય વાર એવું પણ થાય છે કે અધિકારી તો કેન્દ્રમાં જવા ઇચ્છે છે અને કેન્દ્ર પણ તેમને લેવા માંગે છે, પરંતુ રાજ્ય સરકાર અમુક-તમુક કારણોસર તેમને કાર્યમુક્ત નથી કરતી. તેનું જ પરિણામ છે કે ધીમે ધીમે કેન્દ્રમાં અધિકારીઓનાં ખાલી પદો વધી રહ્યાં છે. તેનાથી કેન્દ્રને પોતાનું તંત્ર ચલાવવામાં પરેશાની થઈ રહી છે.***

***કેટલાંક ઉદાહરણોથી સ્થિતિની ગંભીરતા સ્પષ્ટ થઈ જશે. ૨૦૧૧માં આઇએએસ સંવર્ગના કુલ ૩૦૯ અધિકારી કેન્દ્રીય ડેપ્યુટેશન પર હતા. હાલમાં આ સંખ્યા ઘટીને ૨૨૩ રહી ગઈ છે, એટલે કે એક દાયકા દરમ્યાન ડેપ્યુટેશન પર ગયેલા અધિકારીઓનો આંકડો ૨૫ ટકાથી ઘટીને ૧૮ ટકા રહી ગયો છે. ૨૦૧૪માં ઉપસચિવ અને નિર્દેશક સ્તર પર ૬૨૧ અધિકારી હતા. તેમની સંખ્યા હવે વધીને ૧૧૩૦ થઈ ગઈ છે. તેમ છતાં ડેપ્યુટેશન પર ગયેલા અધિકારીઓની સંખ્યા ૧૧૭થી ઘટીને ૧૧૪ રહી ગઈ છે.***

***ભારતીય પોલીસ સેવા એટલે કે આઇપીએસમાં તો કદાચ સ્થિતિ વધુ ખરાબ છે. દેશમાં આઇપીએસના કુલ ૪૯૮૪ પદો સ્વીકૃત છે, તેમાં પણ ૪૦૭૪ અધિકારી જ ઉપલબ્ધ છે. માપદંડ અનુસાર તેમાંથી ૧૦૭૫ અધિકારી સેન્ટ્રલ ડેપ્યુટેશન રિઝર્વમાં હોવા જોઇએ, પરંતુ ફક્ત ૪૪૨ અધિકારી જ ડેપ્યુટેશન પર છે. એટલે કે ૬૩૩ અધિકારીઓની ઉણપ છે. તેમાં સૌથી વધુ કપાત બંગાળે કરી છે જેણે ફક્ત ૧૬ ટકા અધિકારી મોકલ્યા છે, ત્યાં જ હરિયાણાએ ૧૬.૧૩ ટકા, તેલંગણાએ ૨૦ ટકા અને કર્ણાટકે ૨૧.૭૪ ટકા. પરિણામે કેન્દ્રીય પોલીસ સંગઠનોમાં ભારે સંખ્યામાં પદો ખાલી થઈ ગયાં છે. સીમા સુરક્ષા દળ (બીએસએફ)માં ડીઆઇજી રેન્ક પર આઇપીએસનાં ૨૬ સ્વીકૃત પદોમાં ૨૪ ખાલી છે. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળમાં પણ ડીઆઇજીના ૩૮ સ્વીકૃત પદોમાંથી ૩૬ ખાલી છે. સીબીઆઇ, આઇબી અને અન્ય કેન્દ્રીય પોલીસ સંગઠનોમાં પણ લગભગ જ આ જ કહાની છે.***

***ભારત સરકારના પ્રશિક્ષણ અને કાર્મિક વિભાગે ૨૦ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ કેડર પ્રબંધનમાં આવી રહેલ મુશ્કેલીઓને કેન્દ્રમાં રાખીને રાજ્ય સરકારોને એક પત્રમાં લખ્યું કે આઇએએસ કેડર રુલ્સમાં થોડાં પરિવર્તન પ્રસ્તાવિત છે. રાજ્ય સરકારો કેન્દ્ર સરકારને ડેપ્યુટેશન માટે સેન્ટ્રલ ડેપ્યુટેશન રિઝર્વ અનુસાર નિર્ધારિત સંખ્યામાં, સ્વીકૃતિ અંતર્ગત વાસ્તવિક સંખ્યાને જોતાં, એક સમય સીમામાં અધિકારી ઉપલબ્ધ કરાવશે. કેટલા અધિકારીઓને ડેપ્યુટેશન પર કેન્દ્રમાં જવું છે એના વિશે કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોનું મંતવ્ય લીધા બાદ નિર્ણય કરશે. બંગાળ, કેરળ, તમિલનાડુ અને ઝારખંડ સહિત કુલ ૧૧ રાજ્યોએ કેન્દ્રના આ પ્રસ્તાવનો વિરોધ કરતાં કહ્યું કે તેનાથી સંઘીય માળખા પર પ્રહાર થશે.***

# ડબ્લ્યુએચઓના નકશામાં સ્પસ્ટ રીતે જમ્મુ-કાશ્મીરને ચીન-પાક.નો હિસ્સા બતાવાયો

નવીદિલ્હી,તા.૩૧

દુનિયાની હમદર્દ બની બેઠેલા વિશ્વ આરોગ્ય સંગઠને ભારતને લઈને એક અઘટિત કામ કર્યું હોવાનું લાગી રહ્યું છે.ડબ્લ્યુઓએ તેના નકશામાં જમ્મુ-કાશ્મીરને ચીન-પાક.નો હિસ્સો દેખાડ્યો. ડબ્લ્યુએચઓના નકશામાં સ્પસ્ટ રીતે જમ્મુ-કાશ્મીરને ચીન-પાક.નો હિસ્સા તરીકે જોઈ શકાતું હતું.ડબ્લ્યુએચઓની આ હરકતની જાણ તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ ડો.શાંતનુ સેને થતા તેમણે તાબડતોબ પ્રધાનમંત્રી મોદીનુ પત્ર લખીને ધ્યાન દોર્યું તથા જરુરી કાર્યવાહી કરવાની વિનંતી કરી.

સાંસદ ડો.શાંતનુએ ડબ્લ્યુએચઓની આ હરકત પર ઉગ્ર વાંધો ઉઠાવ્યો છે. ડો.સેને આ અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને આંતરરાષ્ટ્રીય મંચો પર તેનો ઉગ્ર વિરોધ કરવાની માંગ કરી છે. તેમણે વડાપ્રધાનનું આ તરફ ધ્યાન દોર્યું છે અને લખ્યું છે કે, હું તમારા ધ્યાનમાં લાવવા માંગુ છું કે જ્યારે હું વૈશ્વિક કોવિડની પરિસ્થિતિ જાણવા માટે ડબ્લ્યુએચઓની વેબસાઇટ પર ગયો હતો, ત્યારે મને એક નકશો બતાવવામાં આવ્યો હતો.

ડો.સેને આગળ લખ્યું છે કે જ્યારે મેં તેમને ઝૂમ કરતા જોયા તો મને આઘાત લાગ્યો, જમ્મુ-કાશ્મીરને બે અલગ અલગ રંગમાં બતાવવામાં આવ્યું છે. બ્લૂ પાર્ટ બાદ જ્યારે મેં ભારતના બીજા ભાગ પર ક્લિક કર્યું તો તેમાં પાકિસ્તાનની કોરોનાની સ્થિતિ દેખાવા લાગી, જ્યારે બીજા ભાગમાં ચીનનો આંકડો બતાવવા લાગ્યો. તેમણે વધુમાં લખ્યું છે કે, તે નકશામાં અરુણાચલ પ્રદેશને પણ ભારતથી અલગ દર્શાવવામાં આવ્યું છે. ડો.સેને આગળ લખ્યું, ×હું માનું છું કે આ એક ગંભીર આંતરરાષ્ટ્રીય મામલો છે અને અમારી સરકારે તેની તપાસ કરવી જોઈએ અને સમય પહેલા તેના પર કાર્યવાહી કરવી જોઈએ.

# ભગવાન પાસે શું માગવું ?

ધર્મ દરેક માનવને માનવ બનવાની પ્રેરણા આપે છે તથા કંઈક બનતાં પહેલાં માનવ બનવાની શીખ આપે છે.માનવ જ માનવના દુઃખ દર્દને સમજી શકે છે એટલે જ માનવ કંઈપણ બનતાં પહેલાં ફક્ત માનવ બને તો સમાજની કાયાકલ્પ થઇ શકે છે.સમાજના તમામ ઝઘડા, તમામ મુસીબતોનો ઉકેલ નીકળી શકે છે કારણ કેઃ એક સાચો માનવ જ સાચો અધિકારી બની શકે છે, સાચો માલિક બની શકે છે, એક સાચો માનવ જ સાચો નોકર, સાચો મજદૂર બને છે. એક સાચા માનવમાં અહંકાર,ઘૃણા,ઈર્ષા,વેર વિરોધની ભાવના રહેતી નથી. ધર્મનું શિક્ષણ અપનાવવાથી તથા પરમપિતા પરમાત્માને તત્વરૂપમાં જાણવાથી જ માનવ માનવ બની શકે છે અને આ જ માનવમાત્રનો ધર્મ છે. ધર્મ એક જીવન જીવવાની કળા છે. પોતે પણ સુખ મેળવવું અને બીજાને સુખ પણ આપવું તે ધર્મ છે. આપણે પણ ખુશીથી જીવવું અને બીજાને પણ જીવવા દેવા તેને ધર્મ કહેવાય. બધા જ લોકો શાંતિ અને સુખેથી જીવન પસાર કરવા માંગે છે અને દુઃખને દૂર કરવા માંગે છે પરંતુ કોઈને પણ તે ખબર નથી કે સુખ શું છે અને તેને કેવી રીતે મેળવી શકાય ? આપણે તેને મેળવવા માટે બસ આંધળા થઈને દોટ લગાવીએ છીએ. આપણે વાસ્તવિક સુખથી દૂર રહીને વધારે દુઃખી થઈએ છીએ અને બીજાઓને પણ દુઃખી કરીએ છીએ.

વિશ્વના તમામ ધર્મ અને માનવ માને છે કે પ્રભુ પરમાત્મા ગૉડ વાહેગુરૂ અલ્લાહ.. વગેરે એક જ શક્તિના નામ છે. બીજું સત્ય એ છે કે પ્રભુ પરમાત્મા સર્વવ્યાપી અને સર્વજ્ઞ છે તેમનાથી કશું છુપું નથી. તે તમામના વિશે સર્વ કંઇ જાણે છે તેથી તેમની પાસે કંઇ જ માંગવાની જરૂર નથી. જો અમે પ્રભુ પરમાત્માના સાચા ભક્ત છીએ તો પ્રભુ પરમાત્મા જે કૃપાળુ અને દયાળુ છે તે અમારી તમામ સમસ્યાઓ,મુશ્કેલીઓ કહ્યા વિના જ, માંગ્યા વિના જ દૂર કરી દે છે. આમ હોવા છતાં પ્રભુ પરમાત્મા પાસે કંઇ માંગવું જ હોય તો પોતાના માટે નહી પરંતુ બીજાના હિતના માટે માંગવું.



ભક્ત પ્રહલાદ ભગવાનને પ્રાર્થના કરે છે કે મારા હૃદયમાં ક્યારેય કોઈપણ કામનાનું બીજ અંકુરીત ના થાય. મહર્ષિ આપસ્તમ્બે પોતાની પ્રાર્થનામાં કહ્યું છે કે.. મારા માટે એવો કયો ઉપાય છે કે જેનાથી હું દુઃખિત ચિત્તવાળા તમામ જીવોમાં પ્રવેશ કરીને એકલો જ તમામનું દુઃખ ભોગવું ! મારા જે કંઇ પુણ્ય કર્મો છે તે દીન દુઃખીઓને મળે અને તેઓને જે પાપની સજા મળી છે તે હું ભોગવું તેવું સામર્થ્ય મને આપો. મારા મન, વાણી, શરીર અને ક્રિયાઓ દ્વારા જે કંઇ પુણ્ય કર્મ બને તે તમામ દીન દુઃખીઓના લાભ માટે જાય આ જ મારી વિનયયુક્ત પ્રાર્થના છે.

ભક્ત વૃતાસુર પરમાત્માને પ્રાર્થના કરે છે કે મારૂં મન આપના મંગલમય ગુણોનું સ્મરણ કરતું રહે, મારી વાણી આપનું ગાન કરે અને શરીર આપની સેવામાં સંલગ્ન રહે ! હું આપને છોડીને સ્વર્ગ કે બ્રહ્માનું પદ કે સંપૂર્ણ ભૂમંડળનું સામ્રાજ્ય કે યોગની સિદ્ધિ કે મોક્ષ પણ ઈચ્છતો નથી. ભક્ત ધ્રુવે તો ફક્ત સંત મહાપુરૂષોના સંગની માંગણી કરી છે. અમારા દેશના પ્રભુ ભક્તો, સંતો મહાપુરૂષોએ નિઃસ્વાર્થ ભાવથી પ્રભુ શરણમાં લીન રહેવાની તથા ગરીબ અસહાયની સેવા કરવાની શક્તિ, સામર્થ્ય આપવાની પ્રાર્થના કરી છે એટલે અમારે પણ સ્વાર્થ માટે નહી પરંતુ પરમાર્થના માટે, પ્રભુ દર્શન માટે ભગવાનને પ્રાર્થના કરવાની છે તેનાથી અમારૂં માનવ જીવન ધન્ય થશે તથા અમે પોતાના ઉદ્દેશ્યમાં સફળ થઇશું. પ્રભુ ભક્તોનું જીવન તમામ પ્રકારની મુશ્કેલીઓથી મુક્ત તથા તમામ પ્રકારની તૃષ્ણાઓથી રહિત થાય છે. પરમાત્માએ માનવ શરીર ફક્ત પારકાના હિત માટે જ આપ્યું છે આ વાત હંમેશાં યાદ રાખવાની જરૂર છે. ×ધર્મ તો અપનાવવાનું નામ છે,પડતાને ઉઠાવવાનું નામ છે, ધર્મ તો બીજાને બચાવવા માટે પોતે પોતાને સમર્પિત કરવાનું નામ છે, ધર્મ અનેક નથી, ધર્મ એક જ છે કે પોતાના સ્વામી એક પરબ્રહ્મ પરમાત્મા કે જે નિર્ગુણ નિરાકાર અવ્યક્ત છે તેમને જાણવા અને માનવમાત્રમાં તેમનું જ દર્શન કરવું.× મનુષ્યએ ગ્રંથો અને પંથોના વિવાદમાં પડ્યા વિના આત્માનુભૂતિ કરવી જોઇએ, જેના માટે ગ્રંથો કે પંથોની આવશ્યકતા નથી, ફક્ત એક શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી જ્ઞાની સંતની આવશ્યકતા છે. સેવા,સુમિરણ અને સત્સંગના દ્વારા બ્રહ્મજ્ઞાનના પાયા ઉપર આદર્શ સમાજ બનાવવાનો જીવનભર પ્રયત્ન કરવો. પ્રાંતવાદ અને ભાષાઓની સંકુચિત સીમાઓનું અતિક્રમણ કરવું. આપણે પ્રભુ પરમાત્મા પાસે શું માંગીએ છીએ ? અને પ્રભુ પરમાત્મા શું આપે છે ? જો આપણે પ્રભુ પરમાત્મા પાસે શક્તિ માંગીએ તો તે આપણને તકલીફમાં મૂકે છે કે જેથી અમારી હિંમત વધે અને આપણે શક્તિશાળી બની શકીએ. જો આપણે પ્રભુ પરમાત્મા પાસે બુદ્ધિ માંગીએ તો તે આપણને ઉલઝનમાં મૂકે છે કે જેથી અમે તેનું સમાધાન મેળવી શકીએ.જો આપણે પ્રભુ પરમાત્મા પાસે સમૃદ્ધિ માંગીએ તો તે આપણને સમજણ પ્રદાન કરે છે જેથી અમે શ્રમ કરીએ,યોગ્યતા વધારી અમે સમૃદ્ધ બની શકીએ. જો આપણે પ્રભુ પરમાત્મા પાસે પ્રેમ માંગીએ તો તે આપણને દુઃખી માણસોની વચમાં મોકલી દે છે જેથી અમારા હાથ મદદ માટે આગળ વધે, અમે ઉદાર બનીએ અને પ્રેમ કરવાનું શીખીએ. પ્રભુ પરમાત્મા અમો જે માંગીએ તે નહી પરંતુ અમારે જેની જરૂર છે તે આપે છે, એટલે ઈશ્વરની મરજીમાં રાજી રહીશું તો અમારૂં ખરાબ થશે નહી.

દિલથી પ્રાર્થના કરીએ તો માંગેલું બધું જ મળી જાય છે, ફૂલોના છોડને રોજ પાણી મળતું રહે તો કળી પણ ફૂલ બની જાય છે, વાણી અને વર્તનમાં જો મીઠાશ હોય તો દુશ્મન પણ નમી જાય છે, દિલમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો ભગવાન પણ મળી જાય છે. માંગવું અને મરવું બરાબર છે,બીજી તરફ માંગ્યા વિના તો માં પણ ના પિરસે.. આ બે વિરોધાભાસી વાતો છે.મને આટલું આપો એવી ભાવનાથી વારંવાર માંગણી કરવી તેને પ્રાર્થના કહેવાય, પ્રભુ તો દયાળુ છે. જેમ પુત્રની ચિંતા તેના પિતાને થાય છે તેમ આપણી ચિંતા જગતના પિતા પરમેશ્વરને થાય પરંતુ પુત્રને શું આપવું? ક્યારે આપવું? કેટલું આપવું? તે માતાપિતા જાણતાં હોય છે તેમ પ્રભુ પણ આપણી લાયકાત પ્રમાણે વગર માગે આપતા જ હોય છે તેમજ પ્રભુ સર્વજ્ઞ છે, આપણને શાની જરૂર છે તે તેઓ બરાબર જાણે છે. ભગવાન આપણને આપણી જરૂરીયાત અને લાયકાત પ્રમાણે આપ્યા કરે છે, આપણે ધીરજ રાખવી જોઈએ અને પ્રભુ ઉપર સંપૂર્ણ શ્રધ્ધા રાખવાની જરૂર છે.પ્રભુ જે કંઈ કરશે તે આપણા હિત માટે જ કરે છે. સુદામાએ માગ્યું નહીં તો દ્વારકા જેવી સમૃદ્ધિ મળી. સદગુરૂ પાસેથી જ્ઞાન લેતાં પહેલાં તેમને તન,મન અને ધનનું સમર્પણ કરીએ છીએ.તેથી સમર્પણ કરેલ વસ્તુ આપણાથી માગી ન શકાય.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ગાંધીનગર મહાનગરપાલિકાનું વર્ષ- ૨૦૨૨-૨૩નું ડ્રાફ્ટ અંદાજપત્ર કમિશનરશ્રીએ રજૂ કર્યું

ગાંધીનગરઃ સોમવારઃ

ગાંધીનગર મહાનગરપાલિકાનું વર્ષ- ૨૦૨૨-૨૩નું ડ્રાફ્ટ અંદાજપત્ર આજરોજ રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં નવીન પ્રકારના કામો અને નાગરિક સુવિધાઓ માટે રૂપિયા ૩૬,૯૦૫/- લાખથી વધુની રકમની જોગવાઇ કરવામાં આવી છે. જે પૈકી રૂપિયા ૪૨ કરોડના નવા કામોની દરખાસ્ત સરકારમાં મંજૂરી માટે મોકલવામાં આવનાર છે, તેવું અંદાજપત્ર રજૂ કરતા કમિશનર શ્રી ડૉ. ધવલ પટેલે જણાવ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકા કમિશનર શ્રી ડૉ. ધવલ પટેલે જણાવ્યું હતું કે, શહેરમાં પાણી, ગટરવ્યવસ્થા તથા અન્ય પ્રાથમિક સુવિધાઓ વધુ સુદ્રઢ બને તે માટે શહેરી ગરીબ અને પછાત વિસ્તાર માટે રૂપિયા ૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તેમજ શહેરની પેરીફેરી ગામડા વિસ્તારમાં માળખાકીય સુવિધાઓ માટે આ અંદાજપત્રમાં અન્ય રૂપિયા ૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તેની સાથે મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નવા ગામોમાં પાયાની સુવિધાઓ માટે પણ રૂપિયા ૬ કરોડની જોગવાઇ ચાલુ રાખવામાં આવી છે. આમ શહેરી ગરીબ અને પછાત વિસ્તાર તથા પેરીફેરી ગામડા વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ વધુ સુદ્દઢ બને તે માટે રૂપિયા ૧૮૦૦ લાખની જોગવાઇ ચાલુ રાખવામાં આવી છે.

કમિશનરશ્રીએ ઉમેર્યું હતું કે, મહાનગરપાલિકા હસ્તની મિલકતોની મરામત જેવી કે, સુએજ પમ્પિંગ સ્ટેશન, ઇ.એસ.આર.વોટર પમ્પિંગ સ્ટેશન, સર્કલ, વોટર સપ્લાય પાઇપ લાઇન, આંગણવાડી સ્કુલો, જાહેર શૌચાલયો તેમજ સી.સી.રોડ વગેરેની મરામત અને નિભાવણી તેમજ જાળવણી માટે રૂપિયા ૫ કરોડ જોગવાઇ કરવામાં આવી છે. મહાનગરપાલિકા હસ્તકના બગીચાઓની નિભાવણી માટે રૂપિયા ૨ કરોડ તેમજ મહાનગરપાલિકા વિસ્તારમાં વિદ્યુત મરામતની કામગીરી અર્થે રૂ. ૨૨૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

તેની સાથે સાથે મુખ્ય માર્ગોની સફાઇ કામગીરી માટે સને-૨૦૨૨-૨૩ માં કુલ ૩,૩૫૭ લાખની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે શહેરના આંતરિક તેમજ મુખ્ય માર્ગોની સફાઇ ખર્ચે માટે રૂપિયા ૧૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નવા સમાવિષ્ટ વિસ્તારમાં આંતરિક તેમજ મુખ્ય માર્ગોની સફાઇ ખર્ચે માટે રૂ. ૧૩ કરોડની અને ડોર ટુ ડોર ઘન કચરાના નિકાલની કામગીરી માટે રૂપિયા ૧૧ કરોડઆમ સફાઇ અંગેની કામગીરી માટે રૂપિયા ૪૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં આસ્ફાલ્ટ અને સી.સી.રોડની કામગીરી અર્થે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સમગ્ર મહાનગરપાલિકા વિસ્તારમાં આંતરિક રસ્તાઓના સીસી રોડ માટેની કામગીરી માટે રૂપિયા ૧૫૦ લાખની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે.

પાણી તથા ગટરવ્યવસ્થાને લગતા કામોની બજેટની વાત કરતા કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, નવા વિસ્તારોમાં નવી ડ્રેનેજલાઇન, સુએઝ પમ્પીગ સ્ટેશન એસટીપી વગેરેના બાંધકામ અર્થે કુલ- ૧૦૫૧૨.૯૨ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જે પૈકી વર્ષ- ૨૦૨૨-૨૩માં રૂપિયા ૭,૯૮૯.૮૮ લાખની જોગવાઇ કરવામાં આવી છે. નવા વિસ્તારમાં પાણની પાઇપ લાઇન નાખવાના કામ, વોટર વર્ક્સ, રો વોટર પમ્પ હાઉસ, ક્લિયર વોટર પમ્પ હાઉસ વગેરેના બાંધકામ માટે કુલ- રૂપિયા ૮,૦૧૫.૬૬ લાખનો ખર્ચનો અંદાજ રાખવામાં આવ્યો છે. જે પૈકી આ વર્ષના બજેટમાં ૫,૬૧૦.૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

તે ઉપરાંત પ્રધાન મંત્રી આવાસ યોજના માટે રૂપિયા ૫ કરોડ, ઘર વિહોણા લોકો માટે શેલ્ટર હોમ બનાવવા રૂપિયા ૪.૫૦ કરોડ, મુક્તિધામ, કબ્રસ્તાન તથા નાના બાળક માટે દફનવિધિ તેમજ અન્ય અંતિમધામોની જરૂરિયાત મુજબની કામગીરી માટે રૂપિયા ૬ કરોડ, કુડાસણમાં ટાઉનહોલ બનાવવા માટે રૂપિયા ૬ કરોડ, સિનિયર સિટીઝન પાર્ક અને લાયબ્રેરી બનાવવા માટે રૂપિયા ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. કોલવડા વિસ્તારમાં કોમ્યુનિટી હોલ, લાયબ્રેરી તથા અધતન સુવિધાવાળું સ્મશાનગૃહ બનાવવા માટે રૂપિયા ૩ કરોડની, અલગ

અલગ વિસ્તારમાં કોમ્યુનિટી હોલના બાંધકામ માટે રૂપિયા ૧ કરોડ ૫૦લાખની જોગવાઇ કરવામાં આવી છે. તેની સાથે સાથે નવા વિસ્તારમાં ફાયર ચોકી બનાવવા માટે રૂપિયા ૫ કરોડ, જાહેર શૌચાલય બનાવવા માટે રૂપિયા ૧ કરોડ ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. કુતરાના ખસીકરણ, એનીમલ બર્થ કંટ્રોલ સેન્ટર બનાવવાની કામગીરી માટે રૂપિયા ૭૫ લાખ અને ઢોર ડબ્બો બનાવવા માટે રૂપિયા ૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મટીરીયલ રીકવરી ફેસેલીટી સેન્ટર બનાવવા માટે રૂપિયા ૫ કરોડ તથા અર્બન હેલ્થ સેન્ટર બનાવવા માટે રૂપિયા ૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. શાળઓની સુવિધા વધારવા અનુશાંગિક કામગીરી માટે રૂ. ૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મહાનગરપાલિકાના નવા વાહનો કરવા માટે બજેટમાં રૂપિયા ૧૩૩૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકાને મિલકતવેરા દ્વારા વર્ષ- ૨૦૨૨-૨૩માં રૂપિયા ૫૩ કરોડની વસુલાત કરવામાં આવશે. તેમજ ડોર ટુ ડોર સફાઇ વેરામાંથી અંદાજીત રૂપિયા ૩૫૦ લાખની આવક થશે. તેની સાથે વ્યવસાયવેરાની આવક રૂપિયા ૧૧૦૦ લાખ થવાની અપેક્ષા છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવા વિસ્તારમાં પાણી વેરો અને ગટર વેરો ઉઘરાવવામાં આવશે. આ પાણી વેરા અને ગટર વેરાના દરોની સ્થાય સમિતિ તેમજ સામાન્ય સભાની મંજૂરીની અપેક્ષાએ આ બજેટમાં અંદાજિત રૂપિયા ૬૦૦ લાખની આવક થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. તેની સાથે મહાનગરપાલિકા દ્વારા અંદાજિત રૂપિયા ૮૦૦ લાખનો વ્હિકલ ટેક્ષ મળશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં ૧૮ ગ્રામ્ય વિસ્તારો, એક નગરપાલિકા તથા ૫૦ ટી.પી. વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના થકી તમામ નવીન બાંધકામો માટે બાંધકામ પરવાનગી તથા વપરાશ પરવાનગી ફીની આવક સાથે બેટરમેંટ ચાર્જ તથા ચાર્જેબલ એફ.એસ.આઇની નવી આવકનો સમાવેશ થયેલ છે. જેની સામાન્ય સભામાં મંજુરીની અપેક્ષાએ વર્ષ- ૨૦૨૨-૨૩માં અંતર્ગત કુલ- ૭૫૦૦ લાખની આવક મળવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. રોકણોના વ્યાજની આવક રૂપિયા ૧૨૦૦ લાખ થવાની ધારણા છે. આ ઉપરાંત દુકાન- લારી ગલ્લા ભાડાની આવક રૂપિયા ૧૨૭ લાખનો અંદાજ રાખવામાં આવ્યો છે. તેની સાથે ઓક્ટરોય વળતર ગ્રાન્ટ રૂપિયા ૧૫૪૮ લાખ અને રેવન્યુ ગ્રાન્ટની આવક ૧,૮૧૫ લાખ થવાની ધારણા છે. આમ વર્ષ- ૨૦૨૨-૨૩માં કુલ રેવન્યુ આવક ૨૦,૫૫૪.૦૩ લાખ થશે. તેમજ રેવન્યુ અંદાજપત્રમાંથી તબદીલ થનાર રૂપિયા ૭,૫૦૦ લાખ, રાજય તથા કેન્દ્ર સરકારશ્રીની કેપિટલ ગ્રાન્ટ માટે સંભવિત મળનાર રકમ રૂપિયા ૭,૦૫૭ લાખની કેપીટલ ગ્રાન્ટ તથા ડીપોઝીટ અનામત સદરે રૂપિયા ૩૦૦ લાખ મળીને કુલ કેપીટલ આવક રૂપિયા ૧૪,૮૫૭ લાખ થવાની અપેક્ષા છે.

આમ વર્ષ- ૨૦૨૨-૨૩ માટે સુચિત અંદાજોમાં ઉઘડતી સિલક કુલ- રૂપિયા ૨૬,૭૫૧.૪૭ લાખ તથા કુલ આવક રૂપિયા ૨૭,૯૦૧.૦૩ લાખની સામે કુલ ખર્ચ રૂપિયા ૫૧,૨૮૬.૯૦ ના અંદાજો રજૂ કરવામાં આવ્યા છે. આમ રૂપિયા ૩,૩૬૫.૬૦ લાખની પુરાંતવાળું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે.

# ભોપાલથી લોકસભા સાંસદ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુર કોરોના સંક્રમિત

ભોપાલ,તા.૩૧

બજેટ સત્ર શરૂ થવાનાં થોડા કલાકો પહેલા જ મધ્યપ્રદેશનાં ભોપાલથી લોકસભા સાંસદ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુર કોરોના પોઝિટિવ હોવાની માહિતી સામે આવી છે. ભાજપ સાંસદ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુરે પોતે ટ્વિટ કરીને તેમના સંક્રમિત થયા હોવાની માહિતી આપી હતી. તેમના સંપર્કમાં આવેલા લોકોને પણ કોરોના ટેસ્ટ કરાવવા અપીલ કરવામાં આવી છે. સોમવારે ભોપાલથી મ્ત્ન સાંસદ પ્રજ્ઞા ઠાકુરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જો કે તેમના શરીરમાં કોઈ લક્ષણો જોવા મળ્યા નથી, પરંતુ સાવચેતી રાખીને, તેમણે પોતાને અલગ કરી દીધા છે અને સંપર્કમાં આવેલા લોકોને ટેસ્ટ કરાવવા અપીલ કરી છે. પોતાના ટ્વિટર એકાઉન્ટ પરથી માહિતી આપતા તેમણે કહ્યું કે, આજે મારો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હું ડોકટર્સની દેખરેખ હેઠળ છું. તેમણે અપીલ કરી છે કે ૨ દિવસમાં જે લોકો મારા સંપર્કમાં આવ્યા છે તેઓ સાવધાન રહે અને જરૂર જણાય તો કોરોના ટેસ્ટ કરાવે.

સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુરે અડધી રાત્રે ટ્વીટ કરીને કહ્યું કે, આજે મારો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હું ડોકટર્સની દેખરેખ હેઠળ છું. ૨ દિવસમાં મારા સંપર્કમાં આવનાર દરેક વ્યક્તિને સાવચેત રહેવા અને જરૂર જણાય તો કોરોના ટેસ્ટ કરાવવા વિનંતી છે. અમને તમારી ચિંતા છે. પ્રભુને પ્રાર્થના કે તમે બધા સ્વસ્થ રહો. જણાવી દઈએ કે, આ બીજી વખત છે જયારે દેશનું બજેટ કોરોનાનાં પડછાયા હેઠળ રજૂ કરવામાં આવી રહ્યું છે. આ વખતે સંસદ પણ કોરોનાની આ ત્રીજી લહેરની ઝપટમાં આવી ગઈ છે. સત્ર શરૂ થવાનાં માત્ર ૧૦ દિવસ પહેલા એટલે કે ૨૦ જાન્યુઆરી સુધી સંસદ ભવનનાં ૮૭૫ કર્મચારીઓ કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું હતું.

# અખિલેશ યાદવે હાથરસના પીડિતની યાદમાં મીણબત્તી પ્રગટાવીને શ્રદ્ધાંજલિ આપી

લખનૌ,તા.૩૧

ગયા વર્ષે નવેમ્બરમાં, સમાજવાદી પાટીના પ્રમુખ અખિલેશ યાદવે હાથરસમાં બળાત્કાર બાદ જીવ ગુમાવનાર યુવતીની યાદમાં દર મહિનાની ૩૦મી તારીખે ‘હાથરસ કી બેટી મેમોરિયલ ડે’ ઉજવવાની વાત કરી હતી. આ ક્રમમાં,તેમણે હાથરસના પીડિતની યાદમાં મીણબત્તી પ્રગટાવીને શ્રદ્ધાંજલિ આપતા ટ્વિટર પર પોતાની એક તસવીર શેર કરી.

અગાઉ કરાયેલા પોતાના ટ્વીટમાં, પીડિતા સામેના ગુના માટે સરકારની નિંદા કરતી વખતે, સપા વડાએ ટ્વીટ કર્યું હતું અને કહ્યું હતું કે રાજ્યના લોકોને અને સપાના કાર્યકરોને ‘હાથરસ કી બેટી મેમોરિયલ ડે’ યાદ રાખવાની અપીલ છે. દર મહિનાની ૩૦મી તારીખે. આજે ૩૦મી જાન્યુઆરીએ ‘હાથરસ કી બેટી મેમોરિયલ ડે’ની ઉજવણી કરો અને લોકોને ‘ભાજપ વિરોધી દલિત અને મહિલાઓ’ની બર્બરતાની યાદ અપાવો.

તેમણે કહ્યું હતું કે દર મહિનાની ૩૦ તારીખે ભાજપ સરકારનો દલિત વિરોધી અને મહિલા વિરોધી ચહેરો સામે આવશે. નોંધપાત્ર રીતે, ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૦ ના રોજ, હાથરસના એક ગામમાં ૧૯ વર્ષની છોકરી સાથે કથિત રીતે સામૂહિક બળાત્કાર થયો હતો. તેણીની સ્થિતિ બગડ્યા પછી, તેણીને દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં ઘટનાના બે અઠવાડિયા પછી પીડિતાનું મૃત્યુ થયું હતું. પોલીસે મધ્યરાત્રિએ બળજબરીપૂર્વક તેના અંતિમ સંસ્કાર કર્યા હોવાનો પરિવાર અને સ્થાનિક ગ્રામજનો રોષે ભરાયા હતા. તે જ સમયે, સ્થાનિક પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે પરિવારની ઈચ્છા મુજબ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NOS SS NO - 106**

પ્રકાર - ગદ્ય

વિષય:-"ગુજરાતી વાનગી રેસીપી"

શીર્ષક - "વધ/ઘટ વસ્તુઓ -સાચવી-સમજી વાપરીએ"

'છાલનું શાક'

નામ:- મુક્તિદા કુમાર 'રુપલી'

મુંબઈ-મહારાષ્ટ્ર.

સમજી, સાચવી,સજાવીને
જીવન જીવીએ, માણીએ,ખાઈએ પીને મોજ કરીએ....

આ સાથે એક જોક કહું છું.

રાત્રે મોડા ઘરે આવ્યો તો પત્નીએ ખાવામાં દૂધ રોટલી તૈયાર રાખી હતી તો "મેં" નાના નાના ટુકડા કરીને દૂધમાં નાખ્યા અને તેનો ફોટો પાડી "ફેસબુક પર અપલોડ" કરી દીધો અને ટાઈટલમાં લખ્યું "યમ્મી મિલ્ક ચપાટી."
સવારે ઉઠીને "ફેસબુક ચેક" કર્યું,ખૂબ લાઈક મળી! ઢગલાબંધ લોકોએ તેની "રેસિપી" વિશે પૂછ્યું★ હતું.
(આ તો એક માત્ર "કટાક્ષ" છે.)
જે આજકાલ વોટ્સમાં બહુજ ફરે છે.
રોટલી હાથથી તોડીને "ચોળવા"ની કે "ગ્રાઈન્ડર"માં?
એક રોટલી માટે "દૂધ" કેટલું લેવાનું?
દૂધમાં "ખાંડ"ની જગ્યાએ "ગોળ" નાંખી ચાલો
જે હોય તે----
આ.. યુગ પરિવર્તન છે ..
છતાં હું
મારી રસોડાની રીત રજુ કરું છું...!
રાત્રે મગની પીળી દાળ અને ભાત વધ્યા હોય,તો સવારમાં તેની મસ્ત પેટીસ,
સવારે રાંધેલા ભાત, સાંજે વઘારેલા ભાત, દહીં ભાત, ભાતના મૂઠીયા,ભાતના થેપલા,મસાલા ભાત, ભાતનું ખીચું..ભાતની ફરફર,ભાતના ખીચીયા અ..ને .. ભાતની વડી!!
વધેલી રોટલીના ખાખરા, વધેલી રોટલીમાંથી પાસ્તા,ચેવડો, મીઠી રોટલી, સેન્ડવીચ રોટલી,રોટલીનો ગોળ-ઘીવાળો લાડુ,અરે રોટલીના ટુકડા તળી રોટલી-પીઝા બનાવવાનો. રોટલીનુંશાક.
વધેલી દાળ,-- જુદી જુદી જાતની દાળમાંથી જુદી જુદી વેરાઈટી બનાવી શકીએ, (હું બનાવું છું.) દાલ-સૂપ,દાલવડા, થેપલા,સંભાર.. વગેરે વગેરે..
એક જ વસ્તુને જુદું સ્વરૂપ આપી, જુદી જ વાનગીના રૂપમાં સમય, શક્તિ અને આર્થિક બચાવ કરવો,એ ભારતીય નારીનું ઘરેણું છે,અને હોશિયારી છે.
શાક એકજ હોય. છતાં,શાકને જુદી જુદી રીતે તો બનાવીએ જ છીએ,(પાણી નાખીને,સૂકું સાંતળેલું)..પણ એટલેથી ના અટકતાં "છાલ"ને પણ આપણે છોડતાં નથી.!!
તૂરીયા,ગલકા,કારેલા,કેરીપપૈયા કેળા.
વનસ્પતિની છાલમાં જ વધારે તાકાત-વિટામિન્સ હોય છે...
તો.. આજે આપણે શીખીશું
"તરબૂચ (કલીંગર)ની છાલનું લોટવાળું શાક".
એક મોટા તરબૂચની છાલ. છાલને લાંબા/પાતળા ટુકડા કરી ધોઈ,બાફી લેવા.
કઢાઈમાં મોટા બે ચમચા તેલ મૂકી,
પાવ ચમચી રાઈ તફડાવી,
અર્ધી ચમચી જીરું
અને એક ચપટી હીંગથી વગાર કરવો.
એક ચમચી હળદર નાંખી,
બાફેલી તરબૂચની છાલને તેલમાં ખદખદવા મૂકવી.
ચાર મોટા ચમચા ચણાનોલોટ ખદખદતાં શાક ઉપર ભભરાવી,
બે નાની ચમચી ધાણાજીરુ,એક ચમચી કાશ્મીરી લાલ મરચું,એક ચમચી શાકનો ગરમ મસાલો,શાક ઉપર ભભરાવવો.
દસ મિનિટ માટે શાક થવા દઈ ગેસ બંધ કરી દેવો.
આ શાક ખાવ ત્યારે એમજ લાગે કે ગાંઠીયા સાથે મળતો કાચા પપૈયાનો સંભારો જ ખાઈએ છીએ..!!
તો બસ કરકસર કરી,એક વસ્તુ વધારે મૂકી, થાળીની શોભા વધારીએ!!

---

**NOG SS No 0042**

પ્રકાર - ગદ્ય

વિષય - ખાના ખજાના

શીર્ષક - કાઠિયાવાડી પીઠલું

લેખકનું નામ - પૂજા( અલકા)કાનાણી

સામગ્રી - ચણાનો લોટ - દોઢ કપ, દહીં - પોણો કપ,તેલ - પોણો કપ, પાણી - દોઢ કપ, લીલી ડુંગળી - બે ટેબલ સ્પૂન,લીલું લસણ - બે ટેબલ સ્પૂન,ક્રશ કરેલા સીંગદાણા- ત્રણ ટેબલ સ્પૂન,આદુ મરચાની પેસ્ટ- બે ટેબલ સ્પૂન, રાય,જીરું,હિંગ,મીઠું,ધાણાજીરું આ બધું પ્રમાણસર. મીઠો લીમડો- બે ટેબલ સ્પૂન,સૂકું લાલ મરચું - બે નંગ, સુશોભન માટે કોથમરી અને લીલું કોપરું.

રીત - સૌ પ્રથમ એક બાઉલમાં દહીં લઈ, પાણી ઉમેરી ચણાનો લોટ નાખવો. આ બધી સામગ્રી લમ્સ ન રહે એ રીતે મિક્સ કરવી. ત્યારબાદ ગેસ ચાલુ કરી એક કડાઈમાં તેલ મુકવું. તેમાં રાઈ જીરુ અને લાલ સૂકું મરચું, મીઠાલીમડાના પાન અને હિંગથી વઘાર કરવો. ત્યારબાદ તેમાં ઝીણી સમારેલી લીલી ડુંગળી અને લીલું લસણ નાખવાં. સતત હલાવી તેને સાંતળવું ત્યારબાદ તેમાં આદુ-મરચાની પેસ્ટ નાખવી અને થોડીવાર હલાવવું ત્યારબાદ ગેસની આંચને મધ્યમ રાખી ચણાનો લોટ ઉમેરતા જવું અને હલાવતા રહેવું. ત્યારબાદ તેમાં હળદર નાંખવી હળદર થોડી ઓછી નાખવી કારણકે ચણાના લોટનો કલર પણ પીળો હોય છે. ત્યારબાદ ક્રશ કરેલા સીંગદાણા ઉમેરવા અને હલાવતા રહેવું ત્યારબાદ તલ અને મીઠું અને ધાણાજીરું નાખવાં લગભગ ચાર કે પાંચ મિનિટમાં આ મિશ્રણ થીક થવા લાગે છે, જ્યારે એ થીક થવા લાગે ત્યારે ફરી બે ટેબલ સ્પૂન પાણી ઉમેરી હલાવવું જેથી બધા મસાલા ભળી જાય. ત્યારબાદ ગેસ બંધ કરી પીઠલું એક બાઉલમાં કાઢી તેના પર કોથમરી અને લીલા કોપરાનું સુશોભન કરવું.

શિયાળાની કડકડતી ઠંડીમાં બાજરાના રોટલા અને જુવારના રોટલા સાથે રાઈ વાળા આથેલા લીલા મરચાં જોડે ગરમા -ગરમ પીઠલાંની રંગત જામે. અન્ય ઋતુમાં રોટલી,ભાખરી કે પરોઠા જોડે પણ ખાઈ શકાય. પીઠલાંમાં દહીંને બદલે છાશ પણ લઈ શકાય અથવા લીંબુનો રસ પણ લઈ શકાય. લીલા લસણ અને લીલી ડુંગળી ના બદલે સુકી ડુંગળી અને સૂકું લસણ પણ લઈ શકાય.

કોથમરીની લીલી બોર્ડર સાથે પીળું પીતાંબર પહેરેલું પીઠલું દેખાવે તો સુંદર લાગે જ છે પણ તેમાં રહેલાં લીલા લસણ અને લીલી ડુંગળી,આદુ મરચાની પેસ્ટ સાથે સ્વાદમાં પણ લાજવાબ લાગે છે. એક વખત ખાધા પછી તેનો ટેસ્ટ જિંદગીભર ભૂલાય તેવો નથી. અમારે કાઠિયાવાડમાં ચોમાસાની ઋતુમાં શાકભાજી ન મળે ત્યારે ઝટપટ બની જતું પીઠલું નાના મોટા સૌ KoI ને BHAVE

---

**NOG SS.NO.0098**

પ્રકાર:- ગદ્ય

વિષય:- ખાના ખજાના

શીર્ષક:- ખસ્તા કચોરી

લેખિકા નામ:- લીના શર્મા

"ખસ્તા કચોરી"

સામગ્રી:- ૧ કપ અડદની દાળ
૨ ચમચા (મોટા) તેલ
૨ ચમચી વરિયાળી (સૌફ)
૨ ચમચી કાળી મરી પાવડર
૨ ચમચી લાલ મરચું પાવડર
૧/૨ ચમચી હિંગ
૧/૨ વાટકી લીલા ધાણા ને
લીલા મરચાં સમારેલા
૩ કપ મેંદો
૧ કપ સોજી ( રવો)
મીઠું સ્વાદ અનુસાર

રીત:-- કચોરીમાં ભરવાનો મસાલો
(પીઠી કે માવો પણ કહેવાય)

સર્વ પ્રથમ અડદની દાળને ૩ થી ૪ કલાક સુધી પાણીમાં પલાળીને રાખવી.પછી દાળને બરાબર ધોઈને દાળનું પાણી નિતારી લેવાનું.અને દાળને મિક્સીમાં (ક્રશ ) અધકચરી જેવી પીસી લેવી.હવે ગેસ ચાલુ કરી ગેસ પર કઢાઈ મૂકો.કઢાઈમાં ૨ મોટાં ચમચા તેલ નાંખો.તેલ ગરમ થઈ જાય પછી તેલમાં હિંગ અને વરિયાળી (સૌફ) નાંખો.હવે ક્રશ કરેલી દાળ નાખો.હવે દાળને ધીમી આંચ પર બરાબર હલાવતાં રહો અને જ્યારે દાળનો રંગ બદામી થવા લાગે ત્યારે તેમાં કાડા મરીનો ભૂક્કો, લાલ મરીનો ભૂક્કો, ઝીણાં સમારેલાં લીલાં મરચાં, ધાણા અને મીઠું સ્વાદાનુસાર નાખીને બરાબર મિક્સ કરી લો. પછી ગેસ પરથી કઢાઈને નીચે ઉતારીને તૈયાર મસાલાને બીજાં વાસણમાં ૧૦થી૧૫મિનિટ સુધી ઢાંકીને ઠંડુ થવા મૂકી દો.

"લોટ બાંધવા ની રીત"

એક મોટી થાળીમાં ૩? કપ મેંદાના લોટમાં ૧ કપ સોજી (રવો) નાંખી લોટ ને બરાબર મિક્સ કરી લો.એમા સ્વાદ અનુસાર મીઠું નાખો અને ૨ મોટા ચમચા તેલ નાંખી બરાબર મિક્સ કરી લો. (મુઠ્ઠી બંધાય તેટલું તેલ નાંખવું) ને લોટમાં પાણી નાંખીને થોડી ઢીલો લોટ બાંધી લો.૫ મિનિટ સુધી લોટને ઢાંકીને મૂકી દો.

" ખસ્તા કચોરી "માં મસાલો (માવો) ભરી તળવાની રીત.
ગેસ પર કઢાઈ રાખી એમાં તેલ નાખો ને
ગેસ ચાલુ કરી ધીમી આંચ પર તેલને ગરમ? થવા દો.લોટના મોટાં મોટાં ગુલ્લા (લોઇ) બનાવી દો.હવે ગુલ્લાને પૂરીના આકારનું વણી લો ને એમાં મસાલો ભરીને પોચા હાથથી હથેળી વચ્ચે દબાવીને પૂરીનો આકાર આપો. ( એમ? ન ફાવે તો હલકે હાથે વણી પણ?? શકાય) આમ? ૩,૪ કચોરી ભરીને કઢાઈમાં ગરમ તેલમાં નાંખો અને ધીમી ધીમી આંચ પર તળી લો .બ્રાઉન કલરની થઈ જાય પછી કડાઈમાંથી કાઢીને સર્વિંગ પ્લેટમાં સજાવી દો.
મિત્રો તો તૈયાર છે આપણી ગરમાગરમ "ખસ્તા કચોરી".
હવે કચોરીને મનપસંદ રીતે સર્વ કરો.
ખસ્તા કચોરીને ચા સાથે ખવાય.ગરમાગરમ? પણ? ખવાય ને કચોરીમાં લીલી ચટણી, મીઠી ચટણી,
મમરા,સેવ, નાંખીને મસાલા કચોરી બનાવીને પણ ખવાય.
તો દોસ્તો આ છે U.P.,M.P. ની શાહી ડિશમાં સ્થાન ધરાવતી "ખસ્તા કચોરી"
(નોટ:- "ખસ્તા કચોરી" નો સ્વાદ ૪,૫ દિવસ સુધી બગડતો નથી.)

લીના શર્મા,હાલોલ

---

**NOG SS No.0081**

વિષય : રેસિપી

પ્રકાર : ગદ્ય

શીર્ષક : ડબક વડી

: ::::::ડબક વડી ::::::::

સામગ્રી :૧૫૦ ગ્રામ ચણાનો લોટ, દહીં.

મસાલા : તેલ,લીલાં આદું મરચાં વાટેલાં, લીલું લસણ ( મળે તો) લીલું કોપરું ( છીણેલું), કોથમીર,રાઈ , હિંગ, હળદર,મીઠુ

રીત : એક થાળીમાં ચણાનો લોટ લઈ એમાં તેલનું થોડું મોણ, દહીં , વાટેલાં લીલાં મરચાં,આદું,મીઠુ,હળદર નાંખીને ભજીયાંના ખીરા કરતાં ગાઢું ખીરું બનાવી લેવું.

એક તપેલીમાં વઘાર માટે તેલ લઈ રાઈ અને હિંગનો વઘાર કરી ત્રણેક કપ પાણી નાખવું. પાણીમાં પણ એનાં ભાગનું મીઠું અને વાટેલાં મરચાં આદું નાખી ઉકાળવું.

થાળીમાં બનેલાં ખીરામાંથી હાથની પહેલી બે આંગળી વાપરી નાની નાની ડબક વડી આ પાણીમાં મૂકવી.મધ્યમ આંચ પર આ વડીઓને ઉકળવા દેવી. થાળીમાં જરાક લોટ રાખી એમાં અડધો કપ પાણી ભેળવી આ ઉકળતી વડીમાં નાખવું.વડી મૂકવાની કળા છે, વધુ મોટી કે જાડી ડબક વડી સ્વાદ ફેરવી નાખે છે.

એકાદ બે વખત હલાવી ગેસ ધીમો કરી અડધું ઢાંકણ રાખી સીઝવા દેવું. લીલું લસણ નાખવું હોય હમણાં નાખી દેવું. લીલાં કોપરાનું ખમણ નાખવું. ૨૦ મિનિટ બાદ ગેસ બંધ કરવો .થોડી વાર બાદ કોથમીર ભભરાવી પીરસવું.

રોટલી,ભાખરી પરોઠાં કે રોટલા સાથે ખવાય. ડાયટ પ્રેમીઓ માટે ખૂબ અનુકૂળ. ઠંડી કે ચોમાસામાં સૂપની જેમ પણ લઈ શકાય.

માયા દેસાઈ ,મુંબઈ ભારત.

---

**NOG SS NO/0044**

વિષય:- રેસીપી

પ્રકાર:- ગદ્ય

શીર્ષક:- શેરવટો.

શબ્દો:-૧૭૨

મિત્રો,નામ વાંચીને નવાઈ લાગી? લાગે જ?? ને , મોટાભાગનાં મિત્રો પહેલી જ? વાર સાંભળતાં હશે.

આપણે કૃષ્ણ જન્મ ખુબ ધામધૂમથી ઉજવીએ.જાતજાતનાં ભોગ ધરાવીએ પંજીરી તો ખાસ.કૃષ્ણ જન્મ ઉજવનારા રાધાજીનો જન્મદિવસ ભૂલી જાય એટલે જ આ શેરવટો નામ વાંચીને નવાઈ લાગે.

ભાદરવા સુદ આઠમ રાધાજીનો જન્મદિવસ રાધાષ્ટમી તરીકે ઉજવાય. એ દિવસે એમને આ શેરવટાનો પ્રસાદ ધરાવાય. રાધાજી આવી સીધી સાદી વાનગીમાં પણ ખુશ. સ્ત્રી નાની નાની વાતમાં પણ ?ખુશ એનું ઉત્તમ ઉદાહરણ.

ચાલો, આપની આતુરતાનો અંત લાવું આને શેરવટાની રેસીપી જણાવું.

સામગ્રી :ચોખાનો તાજો લોટ૩૦૦ ગ્રામ
તાજું માખણ ૨૦૦ ગ્રામ
શેકેલાં તલ ૫૦ ગ્રામ
એલચીના દાણા વાટેલાં ૨૦ગ્રામ
ચારોળી૧૦ ગ્રામ
દળેલી ખાંડ ૨૦૦ ગ્રામ.

ચોખાનો લોટ શેકવાનો નથી.ચોખાના લોટમાં માખણ નાંખતા જવું અને બે હાથે ફીણવતાં જવું.લોટ કાચો હોવાથી ખૂબ જ ફીણવવું,હલકો લાગે ત્યાં સુધી.બરાબર ફીણવાઈ જાય એટલે ઉપર લખ્યા મુજબની બધી સામગ્રી મિક્સ કરવી.બધું મિક્સ કર્યા પછી મિશ્રણ કડક લાગે તો થોડું દૂધ ઉમેરી લાડુ બનાવવા એટલે પોચા થશે.લાડુ ઉપર કોપરાની છીણ ભભરાવી ખાવું.આ સ્વાદિષ્ટ શેરવટો ફ્રીજની બહાર એક દિવસ સુધી રહી શકે.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા

---

**NOG SS NO - 0037**

વિષય - ખાના ખજાના.

વિભાગ - ગદ્ય.

વાનગીનું નામ - કાઠિયાવાડી માંડવીની કઢી.

સામગ્રી - માંડવી, ખાટી છાશ, હલદી પાવડર, ધાણા પાવડર, લીલા મરચાં,આદુ, લસણ, રાય, મેંથી, ધાણાભાજી, લીમડો, ટામેટાં,ખાંડ,મીઠું.તેલ.

રીત - સૌ પ્રથમ માંડવીનાં દાણાને થોડું પાણી ઉમેરી ક્રશ કરવા. ત્યારબાદ તેમાં ખાટી છાશ,લીલા મરચાં, ટામેટાં,આદુ લસણ પીસીને ભેળવવું.એક કડાઈમાં તેલ ગરમ મૂકી, રાય મેથી, લીમડાથી તૈયાર કરેલ મિશ્રણનો વઘાર કરવો.સ્વાદ અનુસાર ખાંડ,મીઠું નાખીને હળવી આંચે કઢી ઉકળવા દેવી.જોઈતા પ્રમાણમાં પાતળી,ઘટ રાખવા છાશનો ઉપયોગ કરવો.ઉપરથી લીલા ધાણા,ટોપરાનું છીણ નાખી સજાવો. ખૂબજ સ્વાદિષ્ટ અને ઝડપથી તૈયાર થઈ જાય છે.દરેક ઋતુમાં ખાઈ શકાય છે.બીમાર વ્યક્તિ પણ હળવો ખોરાક હોય ખાય શકે છે.

હેમલતા દિવેચા ( હેમ )

# કિશન ભરવાડની હત્યાના મામલે આવેદનપત્ર આપ્યા બાદ અચાનક ટોળું ઉગ્ર બની ગયું

રાજકોટ,તા.૩૧

ધંધૂકાના કિશન ભરવાડની હત્યાના મામલાએ જોર પકડ્યું છે. જેને પગલે રાજકોટમાં માલધારી ભરવાડ સમાજ સહિતના સંગઠનોના ટોળે ટોળા કલેકટર કચેરીએ ઉમટ્યા હતા. અને કલેક્ટર કચેરીએ નારા સાથે કિશન ભરવાડની હત્યાના કાવતરામાં સંડોવાયેલા તમામ આરોપીઓને ફાંસીની સજા કરવાની માગણી કરવામાં આવી છે. જ્યાં રાજકોટના ગેલેક્સી સિનેમા નજીક ટોળાએ દંગલ કરતા પોલીસે લાઠી ચાર્જ કર્યો હતો. જેમાં એક યુવાનને માથાના ભાગે ઈજા પહોંચી હતી. જેને પગલે ઈજાગ્રસ્ત યુવાને પોલીસ સામે કાર્યવાહી કરવા માંગ કરી છે. રાજકોટમાં યુવાનોન ટોળું હિંસક બનેલા ટોળામાં ૩ દુકાનોમાં નુકસાન પહોંચ્યું છે, આ સાથે ટોળાએ પોલીસને ઘેરી માર માર્યો હતો જેમાં પ્રદ્યુમનનગર પોલીસના પીએસઆઈ કે.ડી.પટેલ થયા ઈજાગ્રસ્ત થયા છે. જેને પગલે ગેલેક્સી ટોકીઝ નજીક ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ વિરલ ગઢવીએ ટોળા વિખેરવા રિવોલ્વર કાઢતા નાસભાગનાં દ્રશ્યો જોવા મળ્યા હતા. હાલ શહેરભરમાં પોલીસનાં ઘાડેધડા ઉતારી દેવામાં છે. અને ઠેર-ઠેર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

જાણવા મળતી વિગત અનુસાર, કલેક્ટર કચેરી તરફ જતા રસ્તા પર માલધારી સમાજનાં ચાર હજાર કરતા વધુ લોકો ઉમટ્યા હતા. તેમજ જિલ્લા કલેક્ટરનાં માધ્યમથી ગૃહમંત્રીને રજુઆત કરી હત્યારાઓને ફાંસી આપવા અથવા એન્કાઉન્ટર કરવાની ઉગ્ર માંગ કરવામાં આવી હતી. એ રજુઆતમાં માલધારી સમાજની સાથે કરણીસેના સહિતના હિન્દુ સંગઠનો પણ જોડાયા હતા. અને 'કિશનના હત્યારાઓને ફાંસી આપોપ. નાં નારા લગાવ્યા હતાં.

કલેક્ટરને રજુઆત બાદ અચાનક ટોળું ઉગ્ર બની ગયું હતું અને જિલ્લા પંચાયત ચોક નજીક ટોળા દ્વારા દુકાનો બંધ કરવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. જેને લઈને રસ્તાઓ પર લોકોના ટોળે ટોળા ઉમટી પડતા પોલીસે હળવો લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. આ દરમિયાન માલધારી સમાજના કેટલાક યુવાનોને ઈજા થતા વાતાવરણ તંગ બન્યું છે. અને શહેરભરમાં પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ કરાઈ રહ્યું છે. તેમજ કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પોલીસ સતર્ક બની છે. જો કે પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલ દ્વારા માલધારી સહિત હિન્દૂ સમાજના લોકોને શાંતિ જાળવવા અપીલ કરવામાં આવી છે. છતાં હાલ શહેરમાં ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે

# જૂનાગઢમાં મેયર તરીકે ગીતાબેન પરમાર અને ડેપ્યુટી મેયર તરીકે ગીરીશભાઈ કોટેચાની વરણી

,જૂનાગઢ,તા.૩૧

જૂનાગઢ મહાનગરપાલિકાના વર્તમાન સુત્રધારોની પ્રથમ અઢી વર્ષની મુદત પૂર્ણ થતા આગામી અઢી વર્ષ માટે નવા હોદેદારોની વરણી કરવામાં આવી હતી. આ ટર્મમાં મેયરપદ એસસી અનામત હોવાથી મેયર તરીકે ગીતાબેન પરમાર અને ડેપ્યુટી મેયર તરીકે ગીરીશભાઇ કોટેચાની વરણી કરવામાં આવી છે..જયારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે હરેશ પરસાણાની વરણી કરવામાં આવી છે. જૂનાગઢ મહાનગરપાલિકાના શાસનમાં પ્રથમ અઢી વર્ષની ટર્મ પૂરી થતા આગામી બીજા અઢી વર્ષની ટર્મ માટે થોડા દિવસો અગાઉ સતાધારી ભાજપના નિરીક્ષકો દ્વારા બેઠકો કરી કોર્પોરેટરો અને નેતાઓના મંત્વ્યો જાણી તેને રીપોર્ટ ગઇકાલે ગાંધીનગર ખાતે મળેલ પાર્લામેન્ટરી બોર્ડની બેઢકમાં મુકવામાં આવેલ હતો. જેના આધારે મનપાના નવા સુત્રધોરાના નામો મોવડી મંડળએ નકકી કર્યા હતા. આજરોજ જૂનાગઢ મહાનગરપાલિકા કચેરી ખાતે મળેલ બેઢકમાં નવા મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, શાસક પક્ષના નેતા, દંડકના નામોની જાહેરાત કરવામાં આવી હતી. મનપામાં આ વખતની ટર્મમાં એસસી અનામત હોવાથી નવા મેયર તરીકે કોર્પોરેટર ગીતાબેન પરમારની વરણી કરવામાં આવી હતી. ઉપરાંત ડેપ્યુટી મેયર તરીકે અગ્રણી અને અગાઉ નવ વખત હોદો ભોગવી ચુકેલ ગીરીશ કોટેચાની વરણી કરવામાં આવી હતી. ઉપરાંત સ્ટેન્ડિગ કમિટીના ચેરમેન તરીકે હરેશભાઇ પરસાણા, શાસક પક્ષના નેતા તરીકે કિરીટ ભીભા અને દંડક તરીકે અરવિંદ ભલાણીની વરણી કરવામાં આવી હતી.



સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ જિલ્લાના પ્રમુખ શ્રી કે.ડી.પંડ્યા, મહાનગર બ્રહ્મસમાજ પ્રમુખ શ્રી પ્રફુલભાઈ જોશી, શ્રી પરશુરામ ફાઉન્ડેશન જૂનાગઢ ના ચેરમેન શ્રી શૈલેષભાઈ દવે, ટ્રસ્ટીશ્રી હસુભાઈ જોશી, મહામંત્રી શ્રી મહેશભાઈ જોશી, બ્રહ્મ અગ્રણી શ્રી છેલભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ આયુષ્યમાન કાર્ડનો બીજો કેમ્પ યોજાયેલ હતો. જેમાં બહોળી સંખ્યામાં સર્વજ્ઞાતીના લોકોએ લાભ લીધેલ હતો. જેમાં બ્રહ્મ યુવા સંગઠનના સંસ્થાપક શ્રી જયદેવભાઈ જોશી, શ્રી શૈલેષ પંડ્યા શ્રી મુકેશભાઈ મેહતા શ્રી સનતભાઈ પંડ્યા કનકબેન વ્યાસ, આરતીબેન જોશી, , દિવ્યાબેન,જોશી, કૈલાશબેન વેગડા તથા બ્રહ્મ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પને સફળ બનાવવા સમસ્ત બ્રહ્મ સમાજ યુવા પાંખ તથા , શ્રી પરશુરામ ફાઉન્ડેશન યુવા પાંખ જૂનાગઢ ના પ્રમુખ શ્રી ચિરાગ જોશી, મહામંત્રી શ્રી પ્રકાશ જાની મહામંત્રી શ્રી રવિ જોશી, વંદિત મહેતા, દીપ ભટ્ટ, ધાર્મિક ભટ્ટ, પ્રિયાંશું પુરોહિત, પાર્થ ભટ્ટ, ભાવિન દવે, રીશી પાઠક, ભૌતિક પાઠક તથા યુવા પાંખ ની ટીમે જહેમત ઉઠાવી હતી.

# દેશની રાજધાનીમાં વાયુ પ્રદૂષણમાં એક્યુઆઈ ૩૦૨ પર પહોંચ્યો

નવીદિલ્હી,તા.૩૧

દિલ્હી NCRમાં હવાની ગુણવત્તા બગડવાની પ્રક્રિયા ચાલુ છે. તે જ સમયે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પવનની ગતિ ધીમી થવાને કારણે પ્રદૂષણના તત્વો એકઠા થશે. જેના કારણે વાયુ પ્રદૂષણનું સ્તર વધી શકે છે. જ્યાં શુક્રવારે, પુસામાં 343 AQI, લોધી રોડમાં ૩૩૬, મથુરા રોડમાં 369, IIT-દિલ્હીમાં ૩૫૫ અને ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ૩૬૬ નોંધાયા હતા. આ સાથે રાજધાનીના ઘણા વિસ્તારોમાં હવા ગુણવત્તા સૂચકાંક ખૂબ જ નબળી શ્રેણીમાં નોંધવામાં આવ્યો હતો. જો કે, સરકારી એજન્સીઓ અનુસાર શૂન્ય અને ૫૦ની વચ્ચેનો AQI 'સારું', ૫૧ અને ૧૦૦ વચ્ચે 'સંતોષકારક', ૧૦૧ અને ૨૦૦ વચ્ચે 'મધ્યમ', ૨૦૧ અને ૩૦૦ વચ્ચે 'ખરાબ', ૩૦૧ અને ૪૦૦ વચ્ચે 'ખૂબ જ ખરાબ ગણવામાં આવે છે. અને ૪૦૧ અને ૫૦૦ ની વચ્ચે 'ગંભીર' શ્રેણીમાં ગણવામાં આવે છે. તમને જણાવી દઈએ કે વાયુ પ્રદૂષણની સાથે સાથે દિલ્હીમાં શિયાળાની સીઝન પણ ચાલુ છે. આવી સ્થિતિમાં આ વખતે દિલ્હીમાં ઠંડી પોતાનો રેકોર્ડ તોડી રહી છે.

આ દરમિયાન આ વખતે રાજધાનીમાં ઠંડીએ છેલ્લા ૭ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. જ્યાં સફદરજંગ મેટમાં અન્ય પ્રમાણભૂત કેન્દ્રો પર ૭થી ૧૦ દિવસનો સૌથી લાંબો ઠંડા દિવસનો સમયગાળો નોંધાયો છે.દેશની રાજધાની દિલ્હીમાં વાયુ પ્રદૂષણનું સ્તર ચિંતાનો વિષય છે. સિસ્ટમ ઓફ એર ક્વોલિટી એન્ડ વેધર ફોરકાસ્ટિંગ એન્ડ રિસર્ચ ઈન્ડિયા અનુસાર દિલ્હીની હવાની ગુણવત્તા ખૂબ જ નબળી શ્રેણીમાં છે. જ્યાં સરેરાશ AQI 302 નોંધાયો હતો. જણાવી દઈએ કે કેન્દ્ર સરકારની એજન્સી SAFAR અનુસાર શુક્રવારે દિલ્હીમાં હવા ગુણવત્તા સૂચકાંક ૩૫૩ નોંધાયો હતો. તે જ સમયે, ભૂતકાળમાં, પીએમ ૨.૫ મુખ્ય પ્રદૂષણ રહ્યું છે.

**આવનાર સમયમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના ૧૮૨ બેઠક જીતાડવા મીડિયા વિભાગના કાર્યકરો દ્વારા યોગ્ય દિશામાં કામ થાય - શ્રી યમલભાઇ વ્યાસ**

# ગાંધીનગર પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે પ્રદેશ મીડિયા વિભાગની મહત્વની બેઠક પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની વર્ચુઅલી ઉપસ્થિતિ તેમજ પ્રદેશ મહામંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાઇ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજે તારીખ ૩૧ જાન્યુઆરીના રોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે પ્રદેશ મીડિયા વિભાગની અગત્યની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ વર્ચુઅલી જોડાયા હતા તેમજ પ્રદેશના મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીની ઉપસ્થિતિ સાથે પ્રદેશ મીડિયા વિભાગના કન્વનીરશ્રી, મીડિયાના સહ કન્વીનરશ્રી, પ્રદેશના પ્રવકતાશ્રીઓ, પ્રદેશના સહપ્રવકતાશ્રીઓ, ઝોન કન્વીનરશ્રીઓ ઝોનના સહ-કન્વીનરશ્રીઓ, જીલ્લા કન્વીનરશ્રીઓ, જીલ્લાના સહ-કન્વીનરશ્રીઓ તથા ડિબેટ પ્રવકતાશ્રીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે મીડિયા વિભાગને આગામી વિધાનસભા ચૂંટણી તેમજ સંગઠનાત્મક ચર્ચા, માઈક્રોડોનેશન, પેજ સમિતિને વધુ મજબૂત કરવા, આગામી સમયમાં મીડિયા વિભાગની મહત્વની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યુ હતું. પ્રવકતાશ્રી, સહ પ્રવકતાશ્રીઓ અને મીડિયાના કન્વીનરશ્રી દ્વારા દિપ પ્રાગટય કરી વંદે માતરમ ગાનથી બેઠકની શરૂઆત થઇ હતી.

આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના નેતૃત્વમાં મીડિયા વિભાગમાં અધ્યતન સુવિધા સાથે વોર રૂમની શરૂઆત ગુજરાત પ્રદેશમાં થઇ ત્યાર પછી આ કામગીરી જોઇ બીજા છ રાજયોમાં પણ આ રીતે મીડિયા વોર રૂમની શરૂઆત કરવામાં આવી તે અંગે શ્રી પાટીલ સાહેબનો આભાર માન્યો હતો. આ બેઠકમાં મીડિયા વિભાગ દ્વારા કેટલી પ્રેસનોટ તૈયાર કરવામાં આવી.ડિબેટના પ્રવકતાશ્રીઓએ કેટલી ડિબેટ કરી તે અંગે ચર્ચા કરવામાં આવી .

આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે પ્રદેશ મીડિયા વિભાગના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં પાટીલ સાહેબે આગામી વિધાનસભાની ચૂંટણીને લઇ મીડિયા વિભાગના કાર્યકર્તાઓની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું સાથે માઇક્રોડોનેશન અંગે માહિતી આપી કે ગુજરાત પ્રદેશમાં વધુમાં વધુ ભાજપના કાર્યકરો દ્વારા માઇક્રોડોનેશન કરવામાં આવે તે અંગે હાંકલ કરી. શ્રી પાટીલ સાહેબે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ગુજરાતને કુપોષણ મુકત કરવા જે આગ્રહ રાખ્યો છે તેના પર ઝડપથી કામ કરવા દરેક કાર્યકરને હાંકલ કરી સાથે મહિલા મોરચાના કાર્યકરો દ્વારા વિશેષ કામગીરી કરવામાં આવે તે બાબતે માર્ગદર્શન આપ્યું હતું. શ્રી પાટીલ સાહેબે આગામી વિધાનસભા ચૂંટણીને લઇ બાકી રહેલ પેજ સમિતિનું કામ ઝડપથી પૂર્ણ કરવા હાંકલ કરી. ડિબેટના વકતાશ્રીઓને સરકારની કામગીરી યોગ્ય રીતે કેવી રીતે રજૂ કરવી તે અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં પ્રદેશના મહામંત્રીશ્રી પ્રદિપસિંહ



વાઘેલાજીએ મીડિયા વિભાગના કાર્યકરોને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગની કામગીરી ખૂબ સારી છે. મીડિયા વિભાગના કાર્યકરો એક યોદ્ધા છે. પાર્ટીને મીડિયાના કાર્યકરો પાસે જે અપેક્ષા છે તે પરીપૂર્ણ કરે તેમ જણાવ્યું સાથે મહત્વની વાત જણાવી કે ભાજપ મીડિયાના પ્રવકતાશ્રીઓ અને કાર્યકરો એ ભાજપનો ફેસ છે. ભૂતાકળમાં મીડિયા વિભાગમાં જવાબદારી સંભાળનાર આપણા કાર્યકરો આજે પક્ષમાં ઘણી મોટી જવાબદારી નીભાવી રહ્યા છે. શ્રી પ્રદિપસિંહે જણાવ્યું કે, પાર્ટીના કોઇપણ કાર્યકરને પોતે માંગે તે કામ કરતા પક્ષ દ્વારા જે કામ સોંપવામાં આવે તે યોગ્ય રીતે કરવામાં આવે તો તે કાર્યકર ઘણો આગળ વધશે તેમ જણાવ્યું હતું. રાજયમાં આવનાર સમયમાં વિધાનસભાની ચૂંટણી આવવાની છે ત્યારે પાર્ટીના દરેક કાર્યકરને કોઇને કોઇ જવાબદારી આપવામાં આવનાર છે. પાર્ટીના દરેક કાર્યકર એકબીજા કાર્યકર સાથે પરિવાર જેવા સબંધ કેળવે તેમ જણાવ્યું. આ બેઠકમાં પ્રદેશના પ્રવકતાશ્રી યમલભાઇ વ્યાસે સંબોધન કરતા જણાવ્યું કે, મીડિયા વિભાગની આગામી ચૂંટણીને લઇ શું ભૂમિકા રહેશે તેમજ પાર્ટીને આવનાર સમયમાં મીડિયા વિભાગના કાર્યકરો કેવી રીતે મજબૂત કરી શકે તે અંગે માહિતી આપી. ચૂંટણી સમયે સોશિયલ મીડિયા તેમજ પ્રિન્ટ મીડિયાને કેવી રીતે સરકારની માહિતી પોંહચાડવી સાથે એવા મતદારો કે જે ચૂંટણીમાં મત નથી આપતા તેવા મતદારોને પ્રોત્સાહન મળે, તેમને કેન્દ્ર સરકાર અને રાજય સરકારની કામગીરીની માહિતી યોગ્ય રીતે પહોંચે તે અંગે માર્ગદર્શન આપ્યું. શ્રી યમલભાઇએ અંતમાં જણાવ્યું કે, આવનાર સમયમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના ૧૮૨ બેઠક જીતવા મીડિયા વિભાગના કાર્યકરો દ્વારા યોગ્ય દિશામાં કામ થાય તેમ જણાવ્યું.

આ બેઠકમાં મીડિયા કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઇ દવેએ સંબોધન કરતા જણાવ્યું કે, શ્રી પાટીલ સાહેબના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ હાઇટેક બન્યું છે, પ્રદેશ સ્તરે મીડિયાનું મોનિટરીગ કરવું તેમજ ૩૭૨૨૫ જેટલા ન્યુઝ પેપર કટીગ, ૫૯૦ જેટલી પ્રેસનોટ અને ૭૨૦ ફોટો ટેગલાઇન સાથે પ્રેસનોટ કરવામાં આવી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી કેવી રીતે પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો તે અંગે માહિતી આપી હતી. સાથે આવનાર સમયમાં પ્રદેશ મીડિયા વિભાગની વેબસાઇટ –મોબાઇલ એપનું લોન્ચિંગ ટુંક સમયમાં પ્રદેશના અધ્યક્ષના વરદ હસ્તે કરવામાં આવનાર છે તે વેબસાઇટ અંગે પાણ માહિતી આપી. ડો.યજ્ઞેશભાઇ દવેએ પ્રેસ નોટ અંગે કાર્યકરોને માહીતી આપી અને પ્રેસ નોટ કેવી રીતે લખવી તે અંગે માર્ગદર્શન આપ્યું.

આ બેઠકમાં પ્રદેશના સહ પ્રવકતાશ્રી કિશોરભાઇ મકવાણાએ મીડિયા વિભાગના કાર્યકરોને લેખ કેવી રીતે લખવો તે અંગે માર્ગદર્શન આપ્યું. તેમજ પાર્ટીના દરેક કાર્યકરને પક્ષ દ્વારા આપવામાં આવેલ દરેક જવાબદારી યોગ્ય રીતે નિભાવા હાંકલ કરી.શ્રી કિશોરભાઇએ લેખમાં સાથે ન્યુઝ અને પક્ષની માહિતી કેવી રીતે સાંકળવી તે અંગે માર્ગદર્શન આપ્યું.

આ બેઠકમાં પ્રદેશના સહ પ્રવકતાશ્રી ડો. ભરતભાઇ ડાંગરએ સંબોધન કરતા જણાવ્યું કે, પક્ષના દરેક કાર્યકર પોતે પણ માઇક્રોડોનેશન કરે અને અન્ય લોકોને પણ કરાવે તે અંગે માહિતી આપી હતી. માઇક્રોડોનેશન નો હેતું અગે તેમણે જણાવ્યું કે, રૂપિયા માટે નહી પણ સંગઠને મજબૂત કરવા નમો એપ દ્વારા માઇક્રોનેશનનું અભિયાન ચલાવવામાં આવ્યું છે. પેજ સમિતિનું કામ ઝડપીથી પુરુ થાય તે માટે હાંકલ કરી હતી.

આ બેઠકમાં પ્રદેશના સહ પ્રવકતાશ્રી રૂત્વીજ પટેલે સંગઠનાત્મક ચર્ચા સાથે આગામી સમયમાં મીડિયા વિભાગના આગામી કાર્યક્રમ અંગે માહિતી આપતા જણાવ્યું કે, આવનાર સમયમાં કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને પક્ષના દરેક કાર્યક્રમોનું યોગ્ય રીતે જે તે હોદેદારશ્રીઓ યોગ્ય સંકલન કરી મીડિયામાં પ્રચાર પ્રસાર કરે તે અંગે માહિતી આપી. પ્રદેશ પ્રમુખ દ્વારા કૃપોષણ મુકત ગુજરાત અંગેના કાર્યક્રમમાં મહિલા મોરચાના દરેક કાર્યક્રમો ને સમાચારમાં યોગ્ય સ્થાન મળે તે માટે માર્ગદર્શન આપ્યું શ્રી રૂત્વીજ પટેલે આગામી સમયમાં ગુજરાતના દરેક જિલ્લા તેમજ મહાનગરોમાં સરકારના કાર્યક્રમો તેમજ સંગઠનના મુદ્દા માટે વિસ્તૃત ચર્ચા કરવા માટે પ્રદેશ મડિયા વિભાગના કન્વીનર,સહ કન્વીનર, પ્રવકતા, સહ પ્રવકતા તથા મીડિયા ટીમ દ્વારા તારીખ ૫ ફેબ્રુઆરીથી ૨૦ ફેબ્રુઆરી સુધી જિલ્લા સ્તરે બેઠકનું આયોજન કરનાર છે તે અંગે માહિતી આપી હતી.

આ બેઠકમાં પ્રદેશના સહ પ્રવકતાશ્રી હિતેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે રાજયમાં આગામી સમયમાં વિધાનસભા ચૂંટણી આવનાર છે ત્યારે ડિબેટમાં કેન્દ્ર અને રાજય સરકારની માહિતી યોગ્ય રીતે પહોંચાડવી, મુદાઓ તૈયાર કરવા, ડિબેટ માટે નવા કાર્યકરોને કેવી રીતે તૈયાર કરવા અને પક્ષની વાત યોગ્ય રીતે મુકવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# અંબાજી ના બજારો બંધ પાળી પોલીસને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું




શક્તિપીઠ અંબાજી ગુજરાતનું સૌથી મોટું શક્તિપીઠ છે આ ગામ ગુજરાત અને રાજસ્થાનની સરહદ પર આવેલું છે તાજેતરમાં ગુજરાતના ધંધુકા ખાતે કિસન ભરવાડ નામના યુવકની વિધર્મી લોકો દ્વારા હત્યા કરવામાં આવતા સમગ્ર ગુજરાતમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. ગુજરાતના લોકપ્રિય ગૃહ મંત્રી હર્ષ સંઘવી પણ મૃતકના પરિવારને મળીને ઝડપી ન્યાય મળે અને આરોપી પકડાય તે માટે ઝડપી કામગીરી કરતા મૌલવી સહિત આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આ સિવાય ગુજરાતના રાધનપુર વિસ્તારના શેરગઢ ગામની યુવતીની ઘરમાં પહોચીને વિધર્મી દ્વારા હુમલો કરવામાં આવતા ગુજરાત મા ભારે રોષ ફેલાયો હતો જેને પગલે ગુજરાતનાં વિવિધ વિસ્તારો બંધ રાખીને રોષ વ્યક્ત કર્યો હતો. આજે અંબાજી ધામ વહેલી સવારથી બંધ રહ્યું હતું બપોર સુધી અંબાજીના બજારો બંધ રહ્યા હતા અને પરશુરામ મહાદેવ ખાતે અંબાજીના વેપારી ને આજુબાજુ ના ગામજનો ભેગા થઈને જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર પાઠવ્યું હતું અંબાજી માં હિન્દુ હિત રક્ષા સમિતિ દ્વારા અંબાજી ના તિલક રેલી જેમાં વિધર્મી લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.


બનાસકાંઠા બ્યુરો.અંબાજી

# થરાદમાંથી ગુમ થયેલા યુવકનો મૃતદેહ નહેરમાંથી મળતાં ચકચાર.

બનાસકાંઠા બ્યુરો ,રિપોર્ટ : દીલીપ ગોહીલ

મુળ થરાદના ભોરડું ગામના વતની અને ઘણા સમયથી થરાદમાં પરિવાર સાથે રહેતા પ્રવિણભાઈ જટાશંકર શર્મા ઉંમર ૪૫ વર્ષ ૨૬મી જાન્યુઆરીના દિવસે સવારે નવેક વાગ્યે ઘેરથી ભોરડું જવાનું કહીને મોટરસાયકલ સાથે નિકળ્યા બાદ એકાએક ગુમ થઇ જવા પામ્યો હતો. જે ગામડે ન પહોંચતાં અને તેનો મોબાઇલ ફોન બંધ આવતાં પરિવારે આ અંગે થરાદ પોલીસ મથકમાં જાણ પણ કરી હતી. તેમજ સાંજે તેનો ફોન ચાલુ થતાં મોટરસાયકલ અને ફોન વાવ તાલુકાના બિયોક ગામની સીમમાં નર્મદા કેનાલ પર એક ખેડુતના ઝાંપા આગળથી મળી આવ્યું હતું. આથી કેનાલમાં પડયો હોવાની આશંકાએ પરિવાર અને સંબંધીઓએ આજુબાજુ અને નર્મદા નહેરમાં પણ નગરપાલિકાના તરવૈયા દ્વારા શોધખોળ કરાવવામાં આવી હતી.તેમ છતાં પણ કોઇ ભાળ નહી મળતાં વ્યાકુળ પરિવાર દ્વારા પ્રવિણભાઈની ભાળ આપે અથવા તો મિલન કરાવે તેને રૂપીયા ૫૧૦૦૦ના ઇનામની પણ જાહેરાત કરવામાં આવી હતી. જેની વચ્ચે થરાદથી ૨૩ કિમી દુર આવેલા આજાવાડા ગામની સીમમાં પ્રવિણભાઇનો મૃતદેહ મળી આવતાં અરેરાટી સાથે ચકચાર પ્રસરવા પામી હતી.સુત્રોએ જણાવ્યું હતું કે રવિવારની સવારના સુમારે નર્મદાની મુખ્ય નહેરમાં ઘાસચારામાં ફસાયેલ એક અજાણ્યા યુવકનો મૃતદેહ જોવા મળ્યો હતો.જેને આજુબાજુના ખેડુતોએ રસ્સા વડે કેનાલમાં ઉતરીને કિનારે લાવી તપાસ કરતાં મૃતકના ખિસ્સામાંથી મળેલી ગૌશાળામાં દાન કર્યાની પાવતીના આધારે પ્રવિણભાઈની ઓળખ થવા પામી હતી. આ બનાવ અંગે ગામલોકો દ્વારા થરાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. પાંચમા દિવસે યુવકનો મૃતદેહ કેનાલમાંથી મળતાં પરિવાર પર આભ તુટી પડ્યાની વેદના અનુભવાઇ હતી. જો કે થરાદથી દક્ષિણ દિશામાં બિયોક બાજુ જોવા મળેલા પ્રવિણભાઇનો મૃતદેહ ૪૦ કિમી દુર (વામીના સાયફનની પેલે પાર) આજાવાડાની સીમમાંથી મળતાં અનેક તર્કવિતર્કો ચર્ચાસ્પદ બન્યા હતા.બનાવને લઇને અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરવા પામી હતી. થરાદ પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ૭૫ કરોડ સૂર્યનમસ્કારના વર્લ્ડ રેકોર્ડનો હિસ્સો બનતા ડો. વલ્લભભાઈ કથીરિયા



રાજકોટ

આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત ૭૫ કરોડ સૂર્યનમસ્કારની લક્ષ્ય પ્રાપ્તિમાં અગ્રેસર ક્રીડા ભારતી અને પતંજલિ યોગપીઠ ઉપરાંત દેશની અન્ય ગણમાન્ય સંસ્થાઓ દ્વારા સૂર્ય નમસ્કારના કાર્યક્રમો દેશભરમાં ચાલી રહ્યા છે ત્યારે રાજકોટમાં પણ આવા જ એક કાર્યક્રમમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાષ્ટ્રીય કામધેનું આયોગના પૂર્વ અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયાને સહભાગી બનવાની તક મળી હતી.


રાજકોટની ક્રિડાભારતી સંસ્થાના ઉપક્રમે વીર સાવરકર ઈન્ડોર સ્ટેડિયમમાં રવિવારે સવારે સાડા આઠથી સાડા નવ સૂર્યનમસ્કારનો સામૂહિક કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં શહેરની અગ્રણી સંસ્થાઓ અને અધિકારીઓ સહિત ૨૦૦ જેટલા સાધકોએ ભાગ લીધો હતો. ભારત સ્વાભિમાનના પ્રાંત પ્રભારી લક્ષ્મણભાઇ પટેલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરીયા, પૂર્વ રાજયમંત્રી ગોવિંદભાઇ પટેલ, ડેપ્યુટી મેયર દર્શિતાબેન શાહ વગેરેના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ કાર્યક્રમ શરૂ થયો હતો. કાર્યક્રમનું અદ્ભુત સંયોજન ક્રિડા ભારતી રાજકોટના સંયોજક પિનાકીનભાઈ રાજયગુરુ, શ્રી ભરતભાઈ કોરાટ, શ્રી ચિંતનભાઈ રાઠોડ અને તેમની ટીમે સુંદર રીતે કર્યું હતું.

## વડાપ્રધાન મોદીજી, લોકસભાનાં અધ્યક્ષએ સર્વ ધર્મ પ્રાર્થના સભામાં ભાગ લીધો.

# આચાર્ય લોકેશજીએ જૈન પ્રાર્થના અને મહાવીર વાણી રજૂ કરી હતી. "ભગવાન મહાવીરના અહિંસાના દર્શનથી વિશ્વ શાંતિ શક્ય છે"- આચાર્ય લોકેશજી

અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક અને પ્રસિદ્ધ જૈનાચાર્ય, ડૉ. લોકેશજીએ મહાત્મા ગાંધીની ૭૪મી પુણ્યતિથિ નિમિત્તે સર્વ ધર્મ પ્રાર્થના સભા દરમિયાન જૈન પ્રાર્થના રજૂ કરીને ભગવાન મહાવીરના અહિંસા અને નિ:સ્વાર્થતાના સિદ્ધાંતોને પુનર્જીવિત કર્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી અને લોકસભા અધ્યક્ષ બિરલાજી એ ગાંધી સ્મૃતિ પર આયોજિત સર્વ ધર્મ પ્રાર્થના દરમિયાન રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે સ્મૃતિ અને દર્શન સમિતિના ઉપાધ્યક્ષ વિજય ગોયલજી પણ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય લોકેશજી એ ભગવાન મહાવીરની વાણીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, અહિંસાનો સિદ્ધાંત જણાવે છે કે હિંસા પ્રતિ-હિંસાને જન્મ આપે છે, યુદ્ધ, હિંસા અને આતંકવાદ કોઈપણ સમસ્યાનો ઉકેલ નથી. વાતચીત





દ્વારા દરેક સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. અનિકાન્ત ફિલસૂફી કહે છે કે, આપણે આપણા જેવા બીજાના અસ્તિત્વ અને વિચારોને માન આપતા શીખવું જોઈએ. અપરિગ્રહ સિદ્ધાંત કહે છે કે, જો તમારો ભાઈ ભૂખ્યો સૂઈ જાય અને તમે પૂરતું ખાઓ તો તમે મોક્ષને લાયક નથી. તેમણે કહ્યું કે ભગવાન મહાવીરના સિદ્ધાંતોને જીવનમાં લાગુ પાડીને આપણે સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકીએ છીએ. આ પ્રસંગે આચાર્ય લોકેશજીએ નવકાર મહામંત્ર, મંગલ પાઠ અને ક્ષમા સૂત્રનું ગાન કર્યું હતું. આ પ્રસંગે બૌદ્ધ, ખ્રિસ્તી, પારસી, બહાઈ, યહૂદી, મુસ્લિમ, જૈન ધર્મોની પ્રાર્થના, કુરાન શરીફનું પઠન, ગુરુ ગ્રંથ સાહિબનું પઠન, શબદ કીર્તન અને ગીતા પઠન સાથે જાણીતા ગાયિકા કવિતા કૃષ્ણમૂર્તિ અને ડૉ. એલ. સુબ્રમણ્યમ એ ભક્તિ સંગીત પ્રસ્તુત કરીને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી.

# કિશન ભરવાડના પરિવાર સાથે અલ્પેશ ઠાકોરે કરી મુલાકાત, કહ્યું- ગુજરાતમાં કટ્ટરપંથીઓનું કોઇ કામ નથી

અમદાવાદ,તા.૩૧

ધંધૂકામાં કિશન ભરવાડની હત્યાનો મામલો ઉગ્ર બની ગયો છે. કિશનને ન્યાય અપાવવાની માંગ રાજયભરમાં થઈ રહી છે. તો કિશનના પરિવારના સાંત્વના આપવા માટે એક બાદ એક રાજકીય પાર્ટીના નેતાઓ પણ ધંધૂકા પહોંચી રહ્યા છે. આજે ભાજપ નેતા અલ્પેશ ઠાકર ધંધૂકા પહોંચ્યા અને પીડિત પરિવાર સાથે મુલાકાત કરી હતી. અલ્પેશ ઠાકરો આ ઘટના પર દુખ વ્યક્ત કરી છે.

કિશન ભરવાડના પરિવારને સાંત્વના આપ્યા બાદ



અલ્પેશ ઠાકરે કહ્યુ કે, હત્યાની ઘટનામાં માત્ર રાજનીતિ નહીં પરંતુ નક્કર કાર્યવાહી થવી જોઈએ. અલ્પેશ ઠાકોરે કહ્યુ કે, આ ગુજરાતની શાંતિ તોડવાનો પ્રયાસ થયો છે. આવા તત્વોનો બજારમાં કોયડડો કરી દેવો જોઈએ. તેમણે કહ્યું કે સોશિયલ મીડિયામાં પોસ્ટ પર કોઈની હત્યા કરવી વખોડવા લાયક છે.

અલ્પેશ ઠાકોરે કિશન ભરવાડના પરિવાર સાથે મુલાકાત કર્યા બાદ કહ્યુ કે, રાજયમાં આવા બીજા કોઈ યુવાન ન ગુમાવવા પડે તે માયે આયોજન થવું જોઈએ. મૌલવીઓ પર બોલતા તેણે કહ્યુ કે, નફરત ફેલાવનાર મૌલવીઓને ધર્મના ઠેકેદાર બનવાની જરૂર નથી. અલ્પેશ ઠાકરો સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ કે, ગુજરાતમાં કટ્ટરવાદીઓનું કોઈ કામ નથી. જે લોકો ભાઈચારો તોડવાનો પ્રયાસ કરશે તેને જડબાતોડ જવાબ મળશે.

અલ્પેશ ઠાકોરે લોકોને સોશિયલ મીડિયા પર સંયમ જાળવવાની અપીલ કરી છે. કિશનની હત્યામાં સસ્તી રાજનીતિ થઈ રહી હોવાની વાત પણ અલ્પેશે કરી છે. તેણે કહ્યુ કે, મારાથી નમાલી રાજનીતિ થતી નથી. તેમણે ફાસ્ટટ્રેક કોર્ટમાં કેસ ચલાવવાની માંગ કરી હતી. અલ્પેશ ઠાકોરે કહ્યુ કે, ગુજરાતના યુવાનો, દીકરીઓ અને મહિલાઓ માટે હું તલવાર ઉઠાવવા પણ તૈયાર છું.

કિશન ભરવાડના પરિવારને મળવા પહોંચેલા અલ્પેશ ઠાકરો પરિવારને આર્થિક સહાય કરી છે. અલ્પેશ ઠાકોરે કિશન ભરવાડની નાની દિકરીના હાથમાં એક લાખ રૂપિયાનું કવર આપ્યું છે.

## ૨૯ મી રાષ્ટ્રીય બાળ પ્રતિયોગિતા માં ઉત્તરાખંડ નું પ્રતિનિધિત્વ કરશે દેવસ્ય

# ગુજરાત ના NRg બાળક દેવસ્ય એ ઉત્તરાખંડ માં મેળવ્યું ઉચ્ચત્તમ સ્થાન

હરિદ્વાર ૩૧ જાન્યુઆરી.

હરિદ્વાર ના ધોરણ ૧૧ના વિદ્યાર્થી દેવસ્ય દેસાઈ દ્વારા ECOSYSTEM FOR SUSTAINABLE LIVING ક્ષેત્રે થઈ રહેલી સંશોધનની વિશેષ પ્રશંસા થઈ. દેવસ્ય ના સંશોધનનો વિષય ટ્રાઈકોડર્મા ટ્રીટમેન્ટ દ્વારા માનવ મળ ને ખેડૂતો માટે ઉપયોગી બનાવવા માટે રૂપાંતરિત કરવાની છે.

નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ એ NCSTC અને ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ભારત સરકાર) નવી દિલ્હી ના દ્વારા બાલ વૈજ્ઞાનિક ખોજ માટે નો મુખ્ય કાર્યક્રમ છે. કાર્યક્રમનો ઉદ્દેશ શાળા કક્ષાએથી વિજ્ઞાનના વિદ્યાર્થી અને વૈજ્ઞાનિક વિચાર ધરાવતા



કોઈપણ બાળકોમાં વૈજ્ઞાનિક સંવેદના પેદા કરવાનો છે. શાળા શિક્ષણ વિભાગ દ્વારા ઉત્તરાખંડના તમામ ૯૫ બ્લોકમાં આ વિજ્ઞાન કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું છે અને જિલ્લા કક્ષાએ બાળ વૈજ્ઞાનિકો દ્વારા રજૂ કરાયેલા ૧૫૦૦ જેટલા પ્રોજેક્ટ છે. ૧૫ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૨ દરમિયાન વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા આયોજિત થનારી રાષ્ટ્રીય કક્ષાની ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ માટે રાજય કક્ષાએ રજૂ કરાયેલ કુલ ૧૩૬ બાળ વૈજ્ઞાનિક અને ૧૬ બાળ વૈજ્ઞાનિકો ની ભલામણ અને પસંદગી કરવામાં આવી . નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજી કોમ્યુનિકેશન અને UCOST એ ઓનલાઈન ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ નું આયોજન કર્યું હતું. જેમાં ગાયત્રી વિદ્યાપીઠ શાંતિકુંજ દેવસ્ય ના સંશોધન ને રાજય કક્ષાએ ઉત્કૃષ્ટ સ્થાન મળ્યું છે.અહીં ઉલ્લેખનીય છે કે દેવસ્ય ગુજરાત મૂળ ના દ્રઈચ પરિવાર નો બાળક છે .જેનો પરિવાર હાલ ઉત્તરાખંડ માં રહી કાર્ય કરી રહ્યા છે . દેવસ્ય એ ઇનિશિએટીવ ફોર રિસર્ચ એન્ડ ઈનોવેશન ઈન STEM (IRIS) ,તથા CSIR ના ઈનોવેશન એવોર્ડ ફોર સ્કૂલ ચિલ્ડ્રન (CIASC) ૨૦૨૧ માં પણ પોતાની પ્રતિભા સાબિત કરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.